નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર




રાજકોટની ઈન્ડસ્ટ્રીમાં ૩૦થી ૩૫ ટકાની મંદી ટ્રમ્પની નીતિ અને નબળો રૂપિયો કારણભૂત


જુઓ પેજ નં.૪


RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :22 FEBRUARY 2025 | SATURDAY | Page :8 | Year : 2 | Issue :274 | Price: 2/-




# કોવિડ-૧૯ની જેમ લાવશે મહામારી?

## ચીને શોધ્યો ચામાચીડિયામાં નવો કોરોના વાયરસ

ચીનના વૈજ્ઞાનિકોએ ચામાચીડિયામાં નવો કોરોના વાયરસ શોધી કાઢ્યો છે, જેનાથી દુનિયાભરમાં હડકંપ મચેલો છે. પાંચ વર્ષ પહેલા ચીનના વુહાનથી કોરોના વાયરસ સમગ્ર દુનિયામાં ફેલાયો હતો, જેમાં લાખો લોકોના મોત થયા હતા. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોવિડ-૧૯ને વૈશ્વિક મહામારી સુધી જાહેર કરી દીધો હતો. હાલમાં જે નવો કોરોના વાયરસ શોધાયો છે, તે પણ જાનવરોમાંથી માણસોમાં ફેલાઈ શકે છે. આ કોવિડ-૧૯ના કારણે બનનારા વાયરસની જેમ જ માનવ રિસેપ્ટરનો ઉપયોગ કરે છે. તેવામાં સવાલ ઉઠવા લાગ્યા છે કે આ પણ શું પહેલા વાળા કોવિડ-૧૯ની જેમ હાહાકાર મચાવશે?

નવી સ્ટડીનું નેતૃત્વ શી ઝેંગલીએ કર્યું છે. શી એક મોટા વાયરોલોજિસ્ટ છે અને જેમને બેટ કોરોના વાયરસ પર ઊંડા રિસર્ચ માટે ઓળખવામાં આવે છે. એટલા માટે તેમનું નામ પણ 'બેટવુમન' પણ રખાયું છે.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અનુસાર, શી ઝેંગલીએ ગુઆંગઝોઉ લેબમાં ગુઆંગઝોઉ એકેડમી ઓફ સાઈન્સ, વુહાન ઈન્ટરનેશનલ યુનિવર્સિટી અને વુહાન ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજીના વૈજ્ઞાનિકોની સાથે મળીને રિસર્ચ કર્યું છે.

# 'લગ્ન તૂટવાનો અર્થ જીવનનો અંત નથી' : સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે છૂટાછેડા આપવા માટે વિશેષાધિકારનો ઉપયોગ કર્યો અને બંનેને તેમનાં જીવનમાં આગળ વધવા સલાહ આપી

નવી દિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે લગ્ન તૂટવાનો અર્થ એ નથી કે જીવન સમાપ્ત થઈ ગયું છે. છોકરા-છોકરીએ શાંતિથી જીવતાં પોતાનાં જીવનમાં આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ સમય દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાનાં વિશેષાધિકારનો ઉપયોગ કરીને છૂટાછેડાની મંજૂરી આપી અને આ વિવાદ સાથે જોડાયેલા ૧૭ કેસ પણ ખતમ કરી દીધાં હતાં.


ન્યાયાધીશ અભય ઓકાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે મે ૨૦૨૦ માં થયેલાં લગ્નને તોડી નાખ્યાં હતાં. આ દંપતીએ એકબીજા સામે સતામણી સહિત કુલ ૧૭ કેસ દાખલ કર્યા હતાં. સુપ્રીમ કોર્ટે આ તમામ ૧૭ કેસ ખતમ કરીને બંનેને આગળ વધવાની સલાહ આપી હતી. સામાન્ય રીતે છુટાછેડાના કેસોની સુનાવણી ફેમિલી કોર્ટમાં થતી હોય છે. અહીં પતિ-પત્નીએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવા પડે છે અથવા તો એકબીજા પર આરોપો સાબિત કરવા પડે છે. તેમાં ઓછામાં ઓછા છ મહિનાનો સમય લાગે છેકોર્ટે કહ્યું કે ''બંને પક્ષો યુવાન છે. તેઓએ તેમનાં ભવિષ્ય તરફ જોવાની જરૂર છે. જો લગ્ન નિષ્ફળ ગયાં હોય, તો તે બંને માટે જીવનનો અંત નથી. તેઓએ આગળ જોવું જોઈએ અને નવું જીવન શરૂ કરવું જોઈએ. કોર્ટે કહ્યું કે દંપતીને વિનંતી છે કે હવે તેઓ શાંતિથી જીવે અને જીવનમાં આગળ વધે. કોર્ટે નોંધ્યું હતું કે આ એક કમનસીબ કેસ છે જ્યાં તેનાં લગ્નનાં એક વર્ષની અંદર, પત્નીએ તેનાં પતિ અને સાસરિયાઓ પર વારંવાર ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ટ્રમ્પનું જબરદસ્ત કમબેક



અમેરિકાના ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ પ્રમુખ એવા ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખપદની ચૂંટણી લડતા હતા ત્યારે પણ જાત જાતના વિવાદોમાં સપડાયા હતા. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ સાથેના સેક્સ સંબંધોથી માંડીને સંખ્યાબંધ સ્ત્રીઓ પર બળાત્કારના આક્ષેપો ટ્રમ્પ સામે થયા, અદાલતે ટ્રમ્પને કરોડોનો દંડ પણ ફટકાર્યો, કરચોરીના કેસમાં પણ દોષિત ઠર્યા ને એ છતાં અમેરિકન પ્રજાએ ફરી ટ્રમ્પને પ્રમુખપદે બેસાડયા છે. કમલા હેરિસ કરતાં ટ્રમ્પને પોપ્યુલર મત વધારે મળ્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, બહુમતી અમેરિકનોની પસંદગી ટ્રમ્પ છે અને અમેરિકન પ્રજાને ટ્રમ્પ સામેના આક્ષેપોથી કંઈ ફરક પડતો નથી.

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીનું પરિણામ આવી ગયું અને ડોનાલ્ડ ટ્રમ્પ ઈતિહાસ રચીને ફરી જીતી ગયા. અમેરિકાનાં વર્તમાન વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ ટ્રમ્પને પછાડીને અમેરિકાનાં પહેલાં મહિલા પ્રેસિડેન્ટ બનશે એવી આગાહીઓ થતી હતી પણ અમેરિકનોને એક મહિલા પોતાનાં પ્રમુખ બને એ પસંદ ના પડયું તેથી બદનામ ટ્રમ્પને પાછા ગાદી પર બેસાડી દીધા. અમેરિકનો ટ્રમ્પ પર એ હદે વરસ્યા છે કે, કમલા હેરિસ તો ચિત્રમાં જ નથી.

ટ્રમ્પ અને કમલા વચ્ચે બે બળિયાનો મુકાબલો છે તેથી જે પણ જીતશે એ દસેક ઈલેક્ટોરલ મતથી વધારેની સરસાઈ નહીં મેળવી શકે એવું લાગતું હતું પણ તેના બદલે ટ્રમ્પ તો ૫૩૮ ઈલેક્ટોરલ વોટમાંથી ૩૦૦ જેટલા ઈલેક્ટોરલ વોટ મેળવીને છવાઈ ગયા. ટ્રમ્પ ૨૦૧૬માં પહેલી વાર હિલેરી ક્લિન્ટનને હરાવીને જીત્યા ત્યારે ૩૦૪ ઈલેક્ટોરલ વોટ લઈ ગયેલા જ્યારે હિલેરીને ૨૨૭ વોટ મળેલા. આ વખતે એ ઈતિહાસ દોહરાવાયો છે કેમ કે કમલાને લગભગ હિલેરી જેટલા જ મત મળ્યા છે. કમલા ૨૨૪ ઈલેક્ટોરલ વોટ મેળવી શક્યાં છે.

કમલાનાં માતા ભારતીય છે જ્યારે પિતા બ્લેક અમેરિકન હોવાથી બંને સમુદાયના મત તેમને મળશે અને કમલા અમેરિકાનાં પહેલાં મહિલા પ્રમુખ બનીને ઈતિહાસ રચશે એવા દાવા કરાતા હતા. આ દાવા સાચા પડયા નથી અને તેનું કારણ અમેરિકનોની પુરૂષપ્રધાન માનસિકતા છે.

અમેરિકામાં સ્ત્રી-પુરૂષની સમાનતાની વાતો થાય છે પણ માનસિક રીતે બહુમતી પ્રજા સ્ત્રીઓને પુરૂષોની સમોવડી માનતી નથી. હિલેરી ક્લિન્ટન ચૂંટણી લડયાં ત્યારે પણ આ માનસિકતા છતી થઈ હતી ને હવે કમલા હેરિસના કિસ્સામાં પણ આ માનસિકતા દેખાઈ છે.

દુનિયાભરમાં અત્યારે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીનું પિષ્ટપિંજણ ચાલી રહ્યું છે. ટ્રમ્પ કેમ જીતી ગયા ને કમલા કેમ હારી ગયાં તેની ચોવટ ચાલી રહી છે. દરેક વ્યક્તિ પોતપોતાની મતિ પ્રમાણે અભિપ્રાયો આપે છે પણ બહુમતી વિશ્લેષકોનો સૂર એવો છે કે, ટ્રમ્પનું અમેરિકા ફસ્ટ કાર્ડ કામ કરી ગયું છે.

અમેરિકાની નોકરીઓ કે બીજાં સંસાધનો પર અમેરિકનોનો જ અધિકાર હોવો જોઈએ, બહારનાં લોકોને અમેરિકનોના ભોગે નોકરીઓ ના અપાવી જોઈએ, અમેરિકન કંપનીઓના ભોગે આઉટસોર્સિંગ ના થવું જોઈએ એવી બધી વાતો બહુમતી અમેરિકન પ્રજાને ગળે ઉતારવામાં ટ્રમ્પ સફળ રહ્યા છે. અમેરિકામાં અત્યારે આર્થિક રીતે મંદીનો માહોલ છે તેના કારણે સામાન્ય લોકોના હાથ ભીડમાં રહે છે. આ સ્થિતી માટે બહારથી આવેલા લોકો જવાબદાર છે કે જે અમેરિકનોની નોકરીઓ છિનવી રહ્યા છે એવો ટ્રમ્પનો દાવ કામ કરી ગયો છે. ટ્રમ્પ સતત અમેરિકાને દુનિયામાં સૌથી તાકાતવર દેશ બનાવવાની વાતો કરતા રહ્યા છે. એક સમયે દુનિયામાં અમેરિકા સામે બોલવાની કોઈની હિંમત નહોતી પણ અત્યારે ઉત્તર કોરીયા ને ઈરાન જેવા ટૂણિયાટ દેશો પણ અમેરિકા સામે ઘૂરકિયાં કરી જાય છે.



# ત્રીજું વિશ્વયુદ્ધ દૂર નથી, અત્યારે મારા લીધે જ અટક્યું છેઃ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારી હતી કે ત્રીજું વિશ્વ યુદ્ધ બહુ દૂર નથી. સાથે તેમ પણ કહ્યું કે તેઓનાં નેતૃત્વ નીચે આવું કશું બની શકશે નહીં.ફ્લોરિડાનાં માયામીમાં એફઆઈઆઈ પ્રાયોરિટી સમિટમાં સંબોધન કરતાં તેઓએ કહ્યું હતું કે જો બાયડેન વહીવટી તંત્ર ચાલુ જ રહ્યું હોત તો વિશ્વ અત્યારે યુદ્ધમાં હોમાઈ ગયું હોત, પરંતુ તેમનાં નેતૃત્વ નીચે આવું બનશે નહીં. તેમનું નેતૃત્વ યુદ્ધને અટકાવી દેશે.તેઓએ કહ્યું : ત્રીજાં વિશ્વ યુદ્ધથી કોઈને લાભ થવાનો નથી, પરંતુ તમો તેથી બહુ દૂર નથી, તે હું તમને અત્યારે સ્પષ્ટ રીતે કહું છું, કે તમે તેથી બહુ દૂર નથી. જો તમો તે વહીવટીતંત્રમાં રહ્યા જ હોત તો ત્રીજાં વિશ્વ યુદ્ધમાં હોમાઈ જ ગયા હોત પરંતુ તે તેમનાં નેતૃત્વ નીચે થવાનું નથી.અમેરિકાના પ્રમુખે ફરી એકવાર કહ્યું કે અમેરિકા તે યુદ્ધમાં જોડાશે નહીં, પરંતુ તે યુદ્ધ પછી આપણે બળવત્તર અને વધુ સમર્થ બની રહીશું. જો યુદ્ધ થવાનું જ હોય તો કોઈ પણ આપની નજીક આવી નહીં શકે છતાં આપણે માનવું ન જોઈએ કે તે (વિશ્વયુદ્ધ) થશે જ.તેઓએ એલન મસ્કનાં ઠ પ્લેટફોર્મ પરનાં પોસ્ટ ટાંક્યું હતું અને કહ્યું હતું : એલન મસ્ક : યુક્રેન અંગે પ્રમુખની અંતર ચેતના યોગ્ય જ છે. તે ખરેખર દુઃખદ છે. અનેક માતા-પિતાએ તેઓના પુત્રો ગુમાવ્યા છે, અનેક બાળકોએ તેઓના પિતા ગુમાવ્યા છે. પ્રમુખ ટ્રમ્પે યુક્રેન યુદ્ધ માટે યુક્રેનના પ્રમુખ વાલોદોમીર ઝેલેન્સ્કી ઉપર નિશાન તાક્યું હતું. અને કહ્યું હતું કે તેમણે તો યુરોપના દેશો કરતાં ૨૦૦ બિલિયન ડોલર્સ વધુ વેડફાવી દીધા છે. આ સાથે તેઓએ ઝેલેન્સ્કીને ચૂંટણી સિવાય સત્તા પર બેસી રહેલા ઝેલેન્સ્કીને સરમુખત્યાર કહેવા સાથે તેમની ઉપર જોરદાર પ્રહારો કરતાં કહ્યું હતું કે જે યુદ્ધ જીતી શકાય તેમ જ ન હતું તે માટે તેમણે અમેરિકાના ટેક્ષ પેયર્સના ૩૫૦ બિલિયન ડોલર્સ વેડફાવી નાખ્યા છે.

# મહાશિવરાત્રી પહેલા સંગમમાં જલ સ્તર વધારવા કવાયતઃ કાનપુર ડેમમાંથી ગંગા જળ છોડાયું

## કરોડો શ્રધ્ધાળુઓનાં સ્નાન અને વધતી ગરમીના કારણે સંગમ સ્થળે જળ સ્તર ઘટી ગયુ હતું

પ્રયાગરાજ તા.૨૧

મહાકુંભનાં અંતિમ સ્નાન પર્વ મહાશિવરાત્રી પહેલા ગંગાનું જલસ્તર વધારવાની કવાયત શરૂ થઈ ગઈ છે.આ કડીમાં ગુરૂવારે ગંગા ડેમ કાનપુરથી ગંગામાં જલ નિરંતર છોડવામાં આવી રહ્યું છે. ૨૪ કલાકમાં ડેમમાંથી ૫૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે.વસંત પંચમી સ્નાન પર્વ વીત્યા બાદ મહાકુંભમાં સંગમ સ્નાન માટે દરરોજ એક કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે. શિવરાત્રી પહેલા જ ગંગાનું જલસ્તર ઓછુ હોવાના કારણે શ્રદ્ધાળુઓને સંગમમાં ડુબકી લગાવવામાં પરેશાની થવા લાગી છે.ઘૂંટણની નીચે સંગમનું પાણી હોવાથી શ્રદ્ધાળુઓ ડુબકી લગાવી શકતા નહોતા. આ સમસ્યાને લઈને ગંગા ડેમ કાનપુરથી બુધવારે ૧૩૫૦૦ ક્યુસેક જલ ગંગામાં છોડવામાં આવ્યું હતું.જ્યારે મંગળવારે ૧૮ ફેબ્રુઆરીએ ૧૨૯૯૦ ક્યુસેક જલ ડેમમાંથી છોડાયુ હતું.

મહાકુંભ શરૂ થયા બાદ હજુ સુધી સર્વાધિક જલ છોડવામાં આવ્યું છે. ડેમથી જલ છોડવાની માત્રા વધારવાથી સંગમના જલ સ્તરમાં સુધારો જોવા મળી રહ્યો છે. સિંચાઈ વિભાગનાં અનુસાર ગુરૂવારે સંગમનું જલસ્તર ૭૨.૩૪ મીટર થઈ ગયુ હતું. ગરમી વધવાથી જલસ્તર ઘટશે તેની જાણકારી અગાઉથી હતી તેને ધ્યાનમાં રાખીને ગંગા ડેમ કાનપુરમાંથી પાણી છોડવાની તૈયારી કરવામાં આવી હતી અને યોજના મુજબ પાણી છોડવામાં આવી રહ્યું છે.

# કચ્છમાં અકસ્માત બાદ કાળનો કોળિયો બન્યા પાંચ લોકો, ૨૪ ઈજાગ્રસ્ત

કચ્છના ભુજના મુન્દ્રા રોડ વચ્ચે કેરા ગામ નજીક ખાનગી ટ્રાવેલ્સની મિની લક્ઝરી બસ અને ટ્રેલર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં ૫ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૨૪ લોકોને ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ, બપોરના સમયે અકસ્માત થયો હતો. એક કન્ટેનર દ્વારા ઓવરટેક કરવા જતાં મિની બસ સાથે ટકરાયું હતું. જેમાં બસનો આગળનો ભાગ ભાંગીને ભૂકો થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે આવી પહોંચીને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટના મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી. ભુજના મુન્દ્રા રોડ વચ્ચે કેરા ગામ નજીક ખાનગી બસ અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટનામાં પાંચ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્ત ૨૪ લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ચાર લોકોને ગંભીર ઈજા પહોંચી હોવાનું સામે આવ્યુ છે. ઘટનાને પગલે પોલીસ સ્થળ પર દોડી આવી હતી. જ્યારે સમગ્ર મામલે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયામાં દુઃખ વ્યક્ત કર્યું હતું.



### મૃતકની યાદી

૧. આશિફ ફરીકમામદ માજોઠી (ઉં.વ. ૨૨, રહે. ભુજ)
૨. સાલે સચુ રાયશી (ઉં.વ. ૨૪, રહે. ભીંરડીયારા)
૩. કુલસુમબહેન મામદહુશેન સમા (ઉં.વ. ૫૦, રહે. મુંદ્રા)
૪. શાહ આલમ ગુલામ મહંમદ (ઉં.વ.૩૬, રહે. ઉત્તરપ્રદેશ)
૫. સોખરનદાસ બંસીધર જહોન (ઉં.વ. ૭૩, રહે. મુંદ્રા)

# ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં મેડીકલ ઓકસીજનની અછત

## સામાન્ય જરૂરીયાત કરતા પણ ઓછું ઉત્પાદન હોવાથી દર્દીઓ માટે ઉંચા ભાવે ઓકસીજન ખરીદવું ફરજીયાત બને છે : લાન્સેટનો રીપોર્ટ

નવી દિલ્હી, તા. ૨૧

કોવિડ સમયે ઓકસીજનની જે અછત સર્જાઇ હતી તેના કારણે ભારત અને દુનિયામાં લાખો લોકોના મૃત્યુ થયા હતા પરંતુ આજે કોવિડ ન હોવા છતાં પણ ઓકસીજનની અછતના કારણે દુનિયાભરમાં લાખો લોકોના જીવન પર જોખમ છે. તેઓ સનસનીખેજ રીપોર્ટ જાહેર થયો છે.ખાસ કરીને મેડીકલ ઓકસીજન કે જે દર્દીનું જીવન બચાવી શકે છે. તેની અછતના કારણે અંદાજે દુનિયાભરના ૬૦ ટકા લોકો મેડીકલ ઈમરજન્સી સમયે ગુણવતા ધરાવતુ તથા પોષાય શકે તેવા મેડીકલ ઓકસીજન મેળવી શકતા નથી.આ અંગે હાલમાં જ પ્રસિધ્ધ થયેલા લાન્સેટના રીપોર્ટમાં જણાવાયું છે કે, ખાસ કરીને ગરીબ અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં આ મેડીકલ ઓકસીજનની મોટી અછત જોવા મળી રહી છે અને તેના માટે જંગી



રકમ ખર્ચ કરવો પડી રહ્યો છે.આ રીપોર્ટ જણાવે છે કે ભારતમાં જ આ મેડીકલ ઓકસીજનની માંગ રોજ ૧૧,૨૦૦ મેટ્રીક ટનના સૌથી વધુ કોવિડ કાળ દરમ્યાન નોંધાઇ હતી. જયારે ભારતમાં અંદાજે ૩૬ લાખ લોકો કોવિડની અસર હેઠળ હતા અને તે સમયે ભારતની દૈનિક ઉત્પાદન ક્ષમતા ૯૪૪૬ મેટ્રીક ટન હતી. જે સમયે પણ કોવિડની અસર હેઠળ લોકોને ઓકસીજન મળ્યું ન હતું. કોવિડ સિવાય પણ ઓકસીજનની સામાન્ય રીતે દરેક હોસ્પિટલોમાં જરૂર પડે છે અને ભારત સહિતના દેશોમાં નેશનલ ઓકસીજન ગ્રીડનો અભાવ છે. જેને કારણે પુરતુ ઓકસીજન ઉપલબ્ધ નહીં હોવાથી દર્દીઓના જીવન જોખમમાં મુકાઇ રહ્યા છે.

# માયાવતીનો રાહુલ પર પલટવાર : કોંગ્રેસ દિલ્હીમાં ભાજપની બી ટીમ તરીકે લડી

## માયાવતીએ રાહુલને સલાહ આપી કે રાહુલે પહેલાં તેની પાર્ટી તરફ ધ્યાન આપવું જોઈએ અને પછી બીએસપી પર સવાલો કરવા જોઈએ

રાયબરેલી : બીએસપી સુપ્રીમો માયાવતીએ કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધી પર પલટવાર કર્યો છે અને કોંગ્રેસને ભાજપની બી ટીમને ગણાવી છે. તેમણે કહ્યું કે, દિલ્હીમાં, કોંગ્રેસે ભાજપની બી ટીમ તરીકેની ચૂંટણી લડ્યાં, તેથી જ ભાજપ સત્તા પર આવી છે. રાહુલ ગાંધીએ પહેલાં તેની પાર્ટી તરફ ધ્યાન આપવું જોઈએ અને પછી બીએસપી પર સવાલ કરવો જોઈએ. તેમણે રાયબરેલીમાં રાહુલ ગાંધીનાં નિવેદનની પ્રતિક્રિયા આપી છે. રાહુલ ગાંધી બે દિવસની મુલાકાતે રાય બરેલીમાં છે. જ્યાં તેમણે એક કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં, જો માયાવતીએ અમારી સાથે ચૂંટણી લડ્યાં હોત, તો ભાજપ સત્તામાં ન આવી હોત.



તેમણે વધુમાં કહ્યું કે તેઓ અમારી સાથે ચૂંટણી લડતા કેમ નથી તે સમજી શકાતું નથી. આના પર, માયાવતીએ એક્સ પર કહ્યું હતું કે કોંગ્રેસે દિલ્હી એસેમ્બલીની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપની બી ટીમ તરીકે ચૂંટણી લડી હતી, જેનાં કારણે ભાજપ સત્તામાં આવી છે. નહિંતર, આ ચૂંટણીમાં, કોંગ્રેસની આટલી ખરાબ સ્થિતિ ન થઈ શકે. આ પક્ષ તેનાં મોટાભાગનાં ઉમેદવારોના જામીન બચાવી શકી નહીં. તેથી, આ પક્ષનાં સર્વેચર રાહુલ ગાંધી, કોઈ પણ સંજોગોમાં અને ખાસ કરીને બીએસપીના પર સવાલો ઉભાં કરતાં પહેલાં તેની પાર્ટી તરફ જોવું જોઈએ. તે જ વધુ સારું રહેશે.

# રાજકોટની ઈન્ડસ્ટ્રીમાં ૩૦થી ૩૫ ટકાની મંદી ટ્રમ્પની નીતિ અને નબળો રૂપિયો કારણભૂત



## વેપાર ઉદ્યોગને મોટી અસર છેલ્લા ત્રણ મહિનાથી પરિસ્થિતિ સતત વિપરીતસરકારનું બજેટ પણ કારગર ન રહ્યું

રાજકોટ તા.૨૧

રાજકોટ ઈન્ડસ્ટ્રીનું હબ છે. નાની મોટી કરીને રાજકોટમાં ૫૦૦૦થી વધુ ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે. સોના-ચાંદી હોય કે ઈમીટેશન અહીં મેન્યુફેકચરીંગ થયેલ વસ્તુઓ અન્ય રાજયોમાં અને દેશોમાં નિકાસ કરવામાં આવે છે. આ ઉપરાંત કેટલાક રોમટીરીયલની અન્ય દેશોમાંથી આયાત પણ કરવી પડે છે. રાજકોટમાં મોટાભાગે પ્લાસ્ટીક, જીનીંગ, બેરીંગ, સ્ક્રેપ, સ્પીનીંગ, કાસ્ટીંગ, એગ્રીકલ્ચર, સ્ટીલ, સહિતની અઢળક ઈન્ડસ્ટ્રીઝ આવેલ છે.

રાજકોટમાં જીઆઈડીસી મેટોડા, લોધીકા ઈન્ડસ્ટ્રી, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રી, હડમતાળા ઈન્ડસ્ટ્રી, ખીરસરા ઈન્ડસ્ટ્રી, સહિતની જગ્યાઓએ હજારો નાની મોટી ઈન્ડસ્ટ્રી આવેલી છે. આ ઈન્ડસ્ટ્રીમાં ૧ લાખથી વધુ લોકો નોકરી કરે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ઈન્ડસ્ટ્રીની હાલત કફોડી બની છે. કારણ કે રાજકોટની ઈન્ડસ્ટ્રીમાં ૩૦થી ૩૫ ટકા મંદીનો માહોલ સર્જાયો છે.

રાજકોટની ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોનું કહેવું છે કે હાલ ઈન્ડસ્ટ્રીમાં મંદીનો માર જોવા મળી રહ્યો છે. ૩૦થી ૩૫ ટકા મંદીથી ઈન્ડસ્ટ્રીઝને મોટું નુકશાન થઈ રહ્યું છે. જેની અસર કામ પર પણ પડી છે. તાજેતરમાં ટ્રમ્પની સરકાર સત્તા પર આવી

છ ` .
સત્તા પર

આવતા જ અનેક નીતિ નિયમોમાં પરિવર્તન કરવાનો દોર ચાલુ કરાયો છે. અનેક નવા નિયમો આવી જતા ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ટ્રમ્પ સરકારના નવા નીતિ નિયમો અનુસાર કામ કરવા યોજનાઓ કરવી પડશે. આ ઉપરાંત છેલ્લા બે વર્ષથી યુધ્ધ ચાલી રહ્યા છે.

રશિયા અને યુક્રેનના યુધ્ધના કારણે કરોડોનું નુકશાન વેઠવું પડયું હતું. અનેક ઓર્ડર હોલ્ડ પર રાખવા પડયા હતા. ઈઝરાયેલ અને હમાસ ગાઝા વચ્ચે ૧૫ મહિનાથી ચાલી રહેલા યુધ્ધને રોકવા માટે સંમત થયા છે. જેને લઈને પરિસ્થિતિ સુધરી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓમાં યુધ્ધના કારણે ઈન્ડસ્ટ્રીને મોટાપાયે નુકશાન થયું છે. આ સાથે ડોલરના વધતા ભાવે પણ ઉદ્યોગકારોની ચિંતા વધારી છે.

છેલ્લા કેટલાક સમયથી ડોલરની સરખામણીએ રૂપિયો સતત તૂટી રહ્યો છે. હાલ એક ડોલરની સામે રૂપિયો રૂા.૮૭એ પહોંચ્યો હતો. ભારતીય રૂપિયો ડોલરની સરખામણીએ સતત નબળો પડી રહ્યા છે. જેની સીધી અસર વેપાર ધંધા પર પડી રહી છે. રાજકોટની ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગકારોએ માલ મંગાવવા પર આંશીક રોક લગાવી છે. રો-મટીરીયલ માટેના કેટલાક ઓર્ડર રોકી દેવામાં આવ્યા છે. કારણ કે રાજકોટના ઉદ્યોગકારોને અન્ય દેશોમાંથી માલ મંગાવવો મોંઘો પડી રહ્યો છે. જેને લઈને ઉદ્યોગમાં ૨૫ ટકા અસર જોવા મળી છે. છેલ્લા ૩ મહિનાથી પરિસ્થિતિ વધુ વિકટ બની છે.


યુધ્ધના કારણે પણ માલ જતો નથી અને ડિમાન્ડ ઉપજતી નથી. રૂપિયો સતત ગગડતા ઉદ્યોગકારો ચિંતામાં મુકાયા છે. છેલ્લા ત્રણ મહિનાથી તો આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે આગામી સમયમાં કેવી પરિસ્થિતિ સર્જાશે તેના પર ઉદ્યોગકારોની નજર છે. જો પરિસ્થિતિ આવી જ રીતે કપરી બનશે તો સૌથી મોટો માર નાની ઈન્ડસ્ટ્રીને સહન કરવો પડશે. સોના-ચાંદીની માર્કેટમાં પણ આ જ સ્થિતિ છે. સતત વધતા ભાવના કારણે મોટા ઓર્ડર રદ કરવામાં આવ્યા છે. વૈશ્વિક બજારમાં મોટી ઉથલપાથલના કારણે ભાવમાં ઉછાળો નોંધાયો છે.

સોની બજારમાં પણ ઈન્વેસ્ટમેન્ટ ખરીદી બંધ થઈ ગયેલ છે. માત્ર લગ્નગાળા માટે જરૂરીયાતની ખરીદી થઈ રહી છે. રાજકોટ સોના ચાંદી મેન્યુ ફેકચરીંગનું હબ છે. અનેક રાજયોમાં અને દેશોમાં માલ પહોંચાડવામાં આવે છે. હાલ સોના ચાંદીનો જે ભાવ છે તે રેકોર્ડબ્રેક ભાવ છે. સોના-ચાંદીના વેપારીઓ પણ મુંઝવણમાં મુકાયા છે.

# ફાયર સેફ્ટી-મેઈન્ટેનન્સના ખર્ચને લઈ રાજકોટ સિવિલ વિવાદ

## ૫ વર્ષમાં ૨ એજન્સીને ૩.૫૪ કરોડનુ ચૂકવણું, ૨૦૧૯માં ૬ તો ૨૦૨૩માં ૩૫ બીલ મૂકાયાના કૌભાંડનો RTIમાં ખૂલાસો

રાજકોટઃ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના સાધનોના મેન્ટેનન્સ પાછળ છેલ્લા ૫ વર્ષમાં સત્તાવાર ૩.૫૪ કરોડ ૨ પેઢીને ચૂકવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલના સત્તાવાળાઓ પાસેથી ફાયર સેફ્ટી પાછળ કરવામાં આવેલ ખર્ચની માહિતી અધિકાર કાયદા હેઠળ માંગવામાં આવેલી વિગતમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જોકે, આ બાબતે જ્યારે સિવિલ હોસ્પિટલના સત્તાધીશને પૂછવામાં આવ્યું તો તેમણે બચાવ કર્યો હતો કે, આ ખર્ચ તો અગાઉના ૫ વર્ષનો જૂના કાર્યકાળનો છે. જે દરમિયાન કોરોના આવી ગયો હોવાથી ઈમરજન્સી ખર્ચ ઘણા થયા. જોકે, તેમાં ખોટો ખર્ચ કરવામાં આવ્યો હશે તો તેની તપાસ થશે કે કેમ? તેવું પૂછવામાં આવતા તેના માટે રાજ્ય સરકારને આગળ ધરી દેવામાં આવી હતી.



આ બાબતે સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર અને એકાઉન્ટ ઓફિસર ડૉ. મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું હતુ કે, સિવિલ હોસ્પિટલના RTI ઓફિસર દ્વારા RTI અંતર્ગત જે માહિતી માગવામાં આવતી હોય છે. તેમાંથી ઉપલબ્ધ હોય તે પ્રકારની માહિતી અમારા અધિકારી દ્વારા આપવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૦૬થી ૨૦૨૫ સુધીમાં સિવિલ હોસ્પિટલનું વિસ્તૃતિકરણ થયું છે. ૨૦૦૬માં ૮૫૦ સીટ હતી જે ૧૫૫૦ સીટ થઈ ગઈ છે. જેથી ખર્ચમાં વધારો થતો રહેવાનો છે. જોકે RTI મારો વિષય ન હોવાથી અન્ય બાબતે ઉપર હું પ્રકાશ ન પાડી શકું. છેલ્લા ૫ વર્ષનો ખર્ચ અમારા કાર્યકાળ પૂર્વેનો છે. જેમાં પણ વચ્ચે કોવિડ મહામારીમાં સિવિલ હોસ્પિટલમાં ૨૦૦૦ બેડ રાખવામાં આવ્યા હતા અને ઈમરજન્સી સહિતના ખર્ચાઓ પણ તેમાં સામેલ છે. જોકે આમાં ખોટા ખર્ચ થયા હશે તો તપાસ કરવામાં આવશે કે કેમ? તેવું પૂછવામાં આવતા તેમને જણાવ્યું હતું કે, તેના માટે સરકાર છે જ.

RTI (રાઈટ ટુ ઈન્ફર્મેશન) અંતર્ગત માંગવામાં આવેલી માહિતીમાં હોસ્પિટલના સત્તાધીશો દ્વારા જણાવાયું છે કે, ૨૦૧૯-૨૦માં સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના લગાવવામાં આવેલા સાધનો અને તેની જાળવણી માટે ૨ અલગ-અલગ પેઢીને તત્કાલીન સુપ્રિટેન્ડેન્ટ દ્વારા આપવામાં આવ્યો હતો. વાર્ષિક ધોરણે આપવામાં આવેલા કોન્ટ્રાક્ટમાં ફાયર બોટલના રિફિલિંગ માટે અમરેલીની ગોપાલ ફાયર એન્ડ સેફ્ટી નામની પેઢીને અને સાધનોની જાળવણી માટે અમદાવાદની વિશ્વાસ સુપ ઓફ કંપનીને રૂ.૧.૮૬ લાખનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૯માં પેઢીએ નિયમ મુજબ ૬ બીલ હોસ્પિટલમાં મૂક્યા હતા. બાદમાં હોસ્પિટલના સત્તાવાળાઓ અને પેઢીએ કાયદાનું ખોટુ અર્થઘટન કરી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ તમામ વિભાગોને એક છત્રમાં આવરી લેવાના બદલે વિભાગ પાડી વાર્ષિક કોન્ટ્રાક્ટના બદલે ૨ અને ૩ મહિને બીલ મુકવામાં આવ્યા છે.તે મુજબ વર્ષ ૨૦૨૦માં ૧૧, વર્ષ ૨૦૨૧માં ૧૩, વર્ષ ૨૦૨૨માં ૧૫, વર્ષ ૨૦૨૩માં ૩૫ અને વર્ષ ૨૦૨૪માં ૧૭ બીલ મુકવામાં આવેલા છે. વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ ૩૫ બીલ મુકવામાં આવ્યા હતા. તેમાં આશ્ચર્યની બાબત એ છે કે, એક પણ બીલ હોસ્પિટલ તંત્ર દ્વારા અટકાવવામાં આવ્યું નથી. હોસ્પિટલમાં જે સાધનો અગાઉ મુકવામાં આવ્યા તેમાં કોઈ વધારો-ઘટાડો કરવામાં આવ્યો નથી છતાં પણ પેઢીએ જેટલા બીલ મુક્યા તેની ચકાસણી વગર જ મંજૂર કરી દેવામાં આવ્યા હોવાનુ બહાર આવ્યું છે. આ તમામ બીલની રકમ એકંદરે રૂ. ૬,૬૧,૨૭૨, રૂ. ૧,૧૫,૬૪૦, રૂ. ૧,૩૨,૯૦૩, રૂ. ૧,૨૭,૨૦૪, રૂ.૨,૨૦,૪૨૪ના મુકવામાં આવ્યા છે. તેમાંથી એક ફુલ હાઈડ્રન્ટ સિસ્ટમની ૧,૮૬,૮૦૦ મૂજબ પેઢીને ચૂકવણું કરવામાં આવ્યું છે. આવા બીલો દર ૨ મહિને રજૂ કરવામાં આવ્યા હોવાનો પણ ખૂલાસો થયો છે.

# દસ્તાવેજ નોંધણીની સાઈબર ટ્રેઝરી વેબસાઈટ ઠપ્પ વકિલોમાં દેકારો

### નોંધણી માટે મુકેલા દસ્તાવેજોની કામગીરી અટકી પડી, રેવન્યુ બારના એડવોકેટ વિજયભાઈ તોગડીયા દ્વારા ચીફ સેક્રેટરી અને સાઈબર ટ્રેઝરી ઓફિસને જાણ કરાઈ



રાજકોટ, તા.૨૧

રાજકોટ ખાતે આવેલી દસ્તાવેજ નોંધણી કચેરીઓમાં ફરી એકવાર વેબસાઈટ બંધ થવાની ફરિયાદો ઉઠી છે. દસ્તાવેજ નોંધણી માટેની સાઈબર ટ્રેઝરી વેબસાઈટ ઠપ થઈ જતા વકીલોમાં દેકારો બોલી ગયો છે.નોંધણી માટે મુકેલા દસ્તાવેજોની કામગીરી અટકી પડી છે, રેવન્યુ બારના એડવોકેટ વિજયભાઈ તોગડીયા દ્વારા ચીફ સેક્રેટરી અને સાઈબર ટ્રેઝરી ઓફિસને જાણ કરાઈ છે.

જાણવા મળ્યાં મુજબ, છેલ્લા બે દિવસથી મિલકતના દસ્તાવેજ રજીસ્ટ્રેશન માટેની વેબસાઈટ ગરવીમાં પેમેન્ટ માટે ઉપયોગમાં લેવાતી વેબસાઈટ સાઈબર ટ્રેઝરી બંધ હોય, મિલકતના દસ્તાવેજ કરવામાં ખૂબ જ મુશ્કેલી ઊભી થઈ છે.જે લોકોને નિશ્ચિત સમયમાં જ રજીસ્ટ્રેશન ફી ભરી અપોઈન્ટમેન્ટ લઈ દસ્તાવેજ કરવાનો હોય તે તમામ સામાન્ય પ્રજાને, વકીલોને, બિલ્ડરોને તેમજ મિલકતના વ્યવસાય સાથે સંકળાયેલ તમામ લોકોને ખૂબ જ હાડમારી ભોગવવી પડી રહી છે.

# ઉતર ભારતમાં આવતા સપ્તાહમાં હિમવર્ષા - વરસાદ પડશે

## તાપમાન હજુ નોર્મલથી ઉંચુ જ રહેશે તા.૨૫ થી ૨૭ માં વધુ વધશે

### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની આગાહી તા.૨૪ સુધી મહતમ તાપમાન ૩૪ થી ૩૬ ડીગ્રી વચ્ચે અને પછી ૩૫ થી ૩૮ ડીગ્રીની રેન્જમાં રહેશે

રાજકોટ,તા.૨૧

સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં નોર્મલ કરતા ઉંચા તાપમાનને કારણે ગરમી જેવો માહોલ રહ્યો જ છે હજુ એક સપ્તાહ તાપમાન ઉંચુ જ રહેશે.જોકે આ દરમ્યાન ઉતર ભારતના રાજ્યોમાં હિમવર્ષા-વરસાદ થવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં કહ્યું હતું કે, હાલ રાજયમાં સવારનું તાપમાન નોર્મલ કરતા ૨ થી ૩ ડીગ્રી તથા મહતમ તાપમાન ૧ થી ૩ ડીગ્રી ઉંચુ રહે છે. ગઈકાલે અમદાવાદ તથા રાજકોટમાં મહતમ તાપમાન ૩૪.૫ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં ૨ ડીગ્રી ઉંચુ હતું.

ડીસામાં ૩૪.૬, ભૂજમાં ૩૪.૭ હતું તે ૩ ડીગ્રી વધુ હતું. વડોદરામાં ૩૪ ડીગ્રી તાપમાન નોર્મલ કરતા એક ડીગ્રી વધુ હતું. હાલ નોર્મલ તાપમાન ૩૨ થી ૩૩ ડીગ્રી ગણાય છે.

તા.૨૧ થી ૨૮ ફેબ્રુઆરીની આગાહીમાં તેઓએ કહ્યુ કે આ દરમ્યાન તાપમાન નોર્મલ કરતાં વધુ જ રહેવાની સંભાવના છે. ૨૧ થી ૨૪ ફેબ્રુઆરીમાં તે ૩૪ થી ૩૬ ડીગ્રીની વચ્ચે રહેશે. જયારે ૨૫ થી ૨૭ માં વધુ એક-બે ડીગ્રી વધશે અને ૩૫ થી ૩૮ ડીગ્રીની રેન્જમાં રહેવાની શકયતા છે.આગાહીનાં સમયગાળામાં પવન પશ્ચિમ-ઉતરપશ્ચિમ તથા ઉતરના ફુંકાશે. મોટાભાગે ૧૦ થી ૧૫ કીમીની ઝડપ હશે. એકાદ-બે દિવસ ૧૦ થી ૨૦ ડીગ્રીની ઝડપ હશે.કેટલાંક દિવસો છુટાછવાયા વાદળો રહેશે. કેટલાંક દિવસો છુટાછવાયા વાદળો રહેશે.

હાલમાં કચ્છ તથા દ્વારકા બાજુ ઝાકળ રહેશે.આવતા દિવસોમાં ઉતરીય પવનોથી ઝાકળવર્ષા અટકશે જોકે તા.૨૬ થી ફરી પશ્ચિમી પવનને કારણે ૨૭-૨૮ મીએ ઝાકળવર્ષા થવાની શકયતા છે.

બીજી તરફ ઉતર ભારતમાં આવતા દિવસોમાં હિમવર્ષા-વરસાદ થવાની તેઓએ આગાહી કરી છે. તા.૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસર હેઠળ ઉતર ભારતનાં પર્વતીય ભાગોમાં બરફવર્ષા થશે. જયારે મેદાની રાજયો-ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે.

### ઈકો સેન્સેટીવ ઝોન સામેના વિરોધ બાદ સરકાર ઝુંકી!

# ગીરમાં સિંહોના વસવાટ નજીક જ બાંધકામ માટે છૂટ અપાઈ

## સરકારે અભ્યારણ અને ઈકો સેન્સેટીવ ઝોનમાં હોટેલ – રિસોર્ટ – હોમ સ્ટે – ઉપરાંત ચોકકસ ક્ષેત્રમાં ઉદ્યોગોને પણ મોટી છુટછાટ આપી જંગલ વિભાગના અધિકારીઓ પણ નારાજ

રાજકોટ સમગ્ર એશિયામાં એકમાત્ર સિંહોનો વસવાટ ફરી ગીરના જંગલોમાં છે અને તે અભ્યારણ કે રક્ષીત વિસ્તાર પણ જાહેર કરવામાં આવ્યા છે. જયાં માનવીય પ્રવૃતિઓ પર નિયંત્રણ છે પણ હાલમાં જ ગુજરાત સરકારે જારી કરેલા એક પરિપત્રથી ચિંતા સર્જાય તેવી સ્થિતિ છે.

સરકારે ૨૦૧૫માં ઈકોસેન્સેટીવ ઝોન હેઠળ જે વિસ્તારોનો હાલમાં સમાવેશ કરાયો તેનો વ્યાપક વિરોધ થયો હતો અને તે એક રાજકીય મુદો પણ બની ગયો હતો. જેમાં સરકારે ચાલાકીપૂર્વક વિરોધીઓની માંગણીને સ્વીકારી લીધી છે.

૨૦૧૫માં એ પરિપત્રમાં સિંહ વસાહત આસપાસ બાંધકામ કે અન્ય માનવ પ્રવૃતિ પર જે નિયંત્રણો મુકવામાં આવ્યા હતા તેમાં મોટી છૂટછાટ મળી છે અને તેમાં ખાસ કરીને આ પ્રકારની



પ્રવૃતિ પર જેનું મોનેટરીંગ હોય છે તે ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનની સતાઓ ઘટાડીને હવે ઈકોસેન્સેટીવ ઝોનમાં બાંધકામ વિ.ની મંજુરી આપવા માટે જીલ્લા સ્તરની એક કમીટી બનાવી ખાસ સતાઓ અપાશે.

સરકારે જે રીતે પરિપત્રમાં સુધારો કર્યો છે તે મુજબ આ ક્ષેત્રમાં હોટેલ-રિસોર્ટ હોમ સ્ટે તથા વ્યાપારી અને ઔદ્યોગીક પ્રવૃતિ અને તેના બાંધકામ માટે આ જીલ્લા સ્તરની કમીટી મંજુરી આપશે. આ કમીટીના અધ્યક્ષપદે જીલ્લા કલેકટર રહેશે. તેના સભ્ય તરીકે ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ડીસીએફ) અને જીલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) ઉપરાંત જે તે જીલ્લાના પોલીસ વડા (એસપી) રહેશે. આ પરિપત્રમાં ગીર અભ્યારણ, માલીયા અભ્યારણ, ગીર નેશનલ પાર્ક અને માનીયા ક્ષેત્રનો સમાવેશ કરાયો છે.

૨૦૧૫ના પરિપત્ર મુજબ આ ક્ષેત્રમાં હોટેલ, રીસોર્ટ અને હોમ સ્ટે સુવિધા જે તે અભ્યારણના બે કી.મી. સુધીના વિસ્તારોમાં થઈ શકશે. જેની લો-રાઈઝ બિલ્ડીંગને મહતમ ૧૩.૫ મીટર ઉંચાઈના બનશે. ઈકો સેન્સેટીવ ઝોનમાં તે ૫% ક્ષેત્રમાં નો-ઓબ્જેકટની સર્ટીફીકેટ બાદ તે શકય બનશે. જો કે તેમાં કોઈ અન્ય ઔદ્યોગીક કે વ્યાપારી પ્રવૃતિ થઈ શકશે નહી.

આજ રીતે ઈકોસેન્સેટીવ ઝોનમાં રહેણાંક માટે ૨૫% ક્ષેત્રમાં ઉદ્યોગો માટે ૧૫% એરીયામાં મંજુરી અપાશે જે ૨થી૫ કીમીના એરીયા સુધી મર્યાદીત રહેશે. આજે તેના માટે નો ઓબ્જેકશન સર્ટી મેળવવુ પડશે અને હોમ સ્ટે જેથી સુવિધાને પણ તે લાગુ પડે છે.

જો કે વાઈલ્ડ લાઈફ સાથે જોડાયેલા અભ્યાસુમાં સરકારનો આ પ્રકારની છુટછાટનો વિરોધ કરે છે. ગુજરાત વાઈલ્ડ લાઈફ બોર્ડના પુર્વ સભ્ય ભૂષણ પંડયા એ આ સુધારાને કમનસીબ ગણાવ્યો અને કહે છે કે આ છુટછાટ અપાતા ગીર અભ્યારણ સહિતના ક્ષેત્રમાં હોટેલ-રિસોર્ટ જે ખાસ કરીને સંરક્ષિત ક્ષેત્રમાં તેની નજીક જ ખુલવાની મંજુરી મળી જશે.જે લાયન કોરીડોર તરીકે ઓળખાતા ક્ષેત્રમાં સિંહોની અવરજવર સામે પ્રશ્નો સર્જાશે તેનાથી સિંહો અને માનવ વચ્ચેની ટકકર પણ વધશે અને વાઈલ્ડ લાઈફને પણ અસર થશે. જંગલ વિભાગના અધિકારીઓ પણ આ પરિપત્રને પર્યાવરણ, જંગલ અને કલાઈમેટ ચેન્જ વિભાગની ગાઈડલાઈનનો ખુલ્લો ભંગ ગણાવે છે. હવે આ પ્રકારના બાંધકામને મંજુરી આપવી પડશે. વાસ્તવમાં ઈકો સેન્સેટીવ ઝોનના નિમણુંક પાલન કરવા જે કમીટી હોવી જોઈએ તે નહી હોવાથી આ પ્રકારની મંજુરી આપવા કમીટી બનાવાઈ છે.

# શિક્ષણબોર્ડની પરીક્ષા દરમિયાન કેન્દ્રોની આસપાસની ઝેરોક્ષની દુકાનો બંધ રાખવા અધીક જિલ્લા મેજીસ્ટ્રેટનું ફરમાન

## ચારથી વધુ વ્યકિતઓને એકત્રિત થવા પર પણ પ્રતિબંધ પરીક્ષા સ્થળો પર વિજાણુ ઘડીયાળ કે મોબાઈલ પણ લઈ શકાશે નહી જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

રાજકોટ,તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૭ ફેબ્રુ.થી તા.૧૭ માર્ચ સુધી ધો.૧૦ અને ૧૨ની યોજાનારી પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તેમજ પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાય તે માટે અધકિ જિલ્લા મેજીસ્ટ્રેટ એ.કે.ગોતમ દ્વારા ખાસ જાહેરનામુ પ્રસિદ્ધ કરી પ્રતિબંધાત્મક હુકમો ફરમાવેલ છે.જેમાં ધો.૧૦ અને ૧૨ (સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પરીક્ષામાં ગેરરીતી કરવાના ઈરાદાથી અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાનાં ઈરાદાથી ચાર કરતા વધુ વ્યકિતઓ એકત્રીત થઈ શકશે નહી સભા કે સરઘસ કાઢી શકશે નહી. પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, વિજાણુ ઘડીયાળ, અને તે પ્રકારના સાધનો યંત્રો લઈ જઈ શકાશે નહીં પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ અને લીથાની કામગીરી કરતી દુકાનોમાં ઝેરોક્ષ લીથા મશીન બંધ રાખવા હુકમ ફરમાવેલ છે. તેમજ લાઉડ સ્પીકરના ઉપયોગ અને પરીક્ષા સ્થળમાં બિનઅધિકૃત વ્યકિતના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

# ૧૦ દિવસ બાદ કપાસની ટેકાના ભાવે ખરીદી શરૂ

## રાજ્યભરમાં CCI સર્વરના ધાંધિયાથી ખેડૂતો પરેશાન; યાર્ડમાં રૂ.૧૪૯૪ના ભાવે ૧૫ માર્ચ સુધી ખરીદી ચાલશે

રાજકોટઃ મગફળી બાદ કપાસની ટેકાના ભાવે ખરીદી માટે સરકારે જાહેરાત કરતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે, છેલ્લા ૧૦ દિવસથી સર્વર ઠપ્પ થઇ જતા CCI દ્વારા કપાસની ખરીદી બંધ કરવામાં આવી હતી, જેના કારણે ખેડૂતોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જો કે, હવે આજથી (૨૧ ફેબ્રુઆરી) ફરી સર્વર શરૂ થઇ જતા CCI દ્વારા કપાસની ખરીદી શરૂ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં ૬ જગ્યા ઉપર CCI દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી કરવામાં આવી રહી છે.



રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ દિવસથી દ્વારા કપાસની ખરીદી બંધ હોવા પાછળનું કારણ સર્વરમાં ટેકિન્કલ પ્રોબ્લેમ હતી. સર્વર ઠપ્પ થઇ જવાના કારણે દ્વારા ખરીદી કરવામાં આવી શકતી નહોતી. જો કે, આજથી ફરી સર્વર પ્રોબ્લેમ સોલ્વ થઇ જતા ફરી રાબેતા મુજબ ટેકાના ભાવે કપાસની ખરીદી શરૂ કરી દેવામાં આવી છે. ૭૦% જેટલી ખરીદી CCI દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે અને ૧૫ માર્ચ સુધી ખરીદી ચાલુ રહેવાની હોવાથી બાકીની ખરીદી આ સમય દરમિયાન પૂર્ણ કરી દેવામાં આવશે.

તેમને વધુમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ૧૪૯૪ રૂપિયાના મહત્તમ ભાવથી કપાસની ખરીદી ખેડૂતો પાસેથી કરવામાં આવી રહી છે. ખેડૂતોએ ગભરાવવાની જરૂર નથી તમામ આગામી ૧૫ માર્ચ સુધીમાં ૧૦૦% ખરીદી પૂર્ણ કરી દેવામાં આવશે. આજથી ફરી ખરીદી શરૂ થઇ જતા રાજકોટના અલગ અલગ ૬ કેન્દ્રો ઉપર જે ખરીદી CCI દ્વારા કરવામાં આવી રહી છે તેમાં ખેડૂતો પોતાની અનુકૂળતા મુજબ પહોંચી અને કપાસનું વેચાણ કરી શકે છે.

**રાજયમાં બે વખત વિજદર ઘટાડી ગ્રાહકોને રૂ.૨૦૦૪ કરોડનો લાભ અપાયો જ છે દાવો અન્ય ગ્રાહકોની સરખામણીમાં બીપીએલ કાર્ડ ધારકોના માટે વિજ ભાવ ઓછા જ છે કનુભાઈ દેસાઈ**



**ભાજપ શાસનના અનેક રાજયોમાં રેવડી કલ્ચર પણ ગુજરાતમાં તેને સ્થાન નહી**

# ગુજરાતમાં મફત વિજળી આપવાની કોઈ યોજના નથીઃ રાજય સરકાર

રાજકોટ દેશમાં મધ્યપ્રદેશથી હરિયાણા અને મહારાષ્ટ્રથી દિલ્હી સુધીની યોજાયેલી ધારાસભા ચૂંટણીમાં રેવડી કલ્ચર અને મફત વિજળી આપી તથા મહિલાઓને સન્માન યોજના- લાડકી બહેના યોજના વિ.ની જાહેરાતથી જબરી ચર્ચા જાગી છે.

ખાસ કરીને દિલ્હીમાં અગાઉ કેજરીવાલ સરકારે જે રીતે મફત-વિજળી પાણી યોજના જાહેર કરી તેને પણ યથાવત રાખવા નવી ભાજપ સરકારે જાહેરાત કરી છે પણ ગુજરાતમાં ભાજપને વિધાનસભા ૧૬૧ બેઠકોની પ્રચંડ બહુમતી છતા પણ રેવડી કલ્ચરની કોઈ યોજના નહી હોવા વચ્ચે રાજય સરકારે અત્યંત સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતું કે, ગુજરાતમાં દિલ્હીથી કે અન્ય કોઈ ભાજપ શાસનના રાજયોની માફક મફત વિજળી-પાણી આપવા કોઈ યોજના નથી અને રાજય વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ પૂછેલા એક પ્રશ્નનો જવાબ ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાતમાં મફત વિજળી આપવાની કોઈ યોજના નથી. જો કે તેઓએ કહ્યું કે, પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના (સોલાર પાવર) હેઠળ 300 યુનીટ વિજળી મળી શકે છે.

તેઓએ કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજયમાં બે વખત વીજદરોમાં ઘટાડે। કરવામાં આવતાં કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાત સમગ્ર દેશમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ઉમેર્યું કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બે વખત વીજ દરોમાં

**વિધાનસભામાં આપ આદમી પાર્ટીના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈની સ્પષ્ટ વાત સૂર્ય ઘર યોજના હેઠળ 300 યુનિટ વિજળી મફત મળી શકે છે સોલાર યોજનાનો ઉલ્લેખ કર્યો**

ઘટાડે। કરવામાં આવ્યો છે. તા. ૧-૧-૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧-૧૦-૨૦૨૪થી ૪૦ પૈસા એમ બે વખત ઘટાડે। કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે.

વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય ત્યાં સુધી રાજયના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડે। લાગુ રાખવામાં આવશે, તેમ ઉમેર્યું હતું.

આ ઘટાડાથી વર્ષ-૨૦૨૪ દરમિયાન જુનાગઢ જિલ્લાના ૪,૩૯,૯૧૭ વીજગ્રાહકોને કુલ રૂ. ૧૬.૬૮ કરોડની રાહત આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આ જ પ્રકારે, રાજયના બીપીએલ કાર્ડ ધારકોને વીજબિલના દરોમાં અપાતી રાહત અંગે ઊર્જા મંત્રીએ જણાવ્યું કે અન્ય રહેણાંક વિસ્તારોના વીજ ગ્રાહકોની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે વીજદરો ઓછા હોય છે.

જે મુજબ રહેણાંક વિસ્તારના ગ્રાહકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૧૫/-થી ૭૦/- છે, જ્યારે બીપીએલ કાર્ડધારકો માટે ફિક્સ્ડ ચાર્જ રૂ. ૫/- છે. આ જ પ્રાકારે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટદીઠ ચાર્જ રૂ. ૨.૬૫, જ્યારે શહેરી વિસ્તારોમાં પ્રથમ ૫૦ યુનિટના રૂ. ૩.૦૫ની સરખામણીએ બીપીએલ કાર્ડધારકો માટે પ્રથમ ૫૦ યુનિટ દીઠ રૂ. ૧.૫૦ લેખે વીજ ચાર્જ આકારવામાં આવે છે.

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી સ્માર્ટ મીટરને લઈને હોબાળા થઈ રહ્યો હતો. લોકોએ પ્રિ-પેઈડ રિચાર્જ સિસ્ટમને લઈને સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. આ દરમિયાન વિધાનસભામાં કોંગ્રેસ ધારાસભ્ય કિરીટ પટેલે પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર અંગેના રાજયના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે.

પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરના અનેક પ્રકારના ફાયદા છે. તેના કારણે વીજ વપરાશની જાણકારી મોબાઈલ પર મળી રહેશે. અત્યારે ઉપયોગમાં લેવાતા મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે.

ઊર્જા વિભાગના જણાવ્યાનુસાર, હાલના મેન્યુઅલ રીડિંગ પર આધાર રાખવાને બદલે સ્માર્ટ મીટર જાતે વીજ વપરાશનો ડેટા એકત્રિત કરે છે અને તેને વીજ વિતરણ કંપનીઓને ટ્રાન્સમિટ કરે છે. સ્માર્ટ મીટરમાં જે તે વીજ ગ્રાહકના વીજ વપરાશ અંગેના ડેટા તેમજ અન્ય માહિતી સ્માર્ટ મીટરની અપ્લિકેશન દ્વારા મોબાઇલ પર જ નિયમિત અને તાત્કાલિક ધોરણે વીજ ગ્રાહકને મળી રહે છે.

સ્માર્ટ મીટર ગ્રાહકલક્ષી મૈત્રીપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે. જેમાં એડવાન્સ મીટરિંગ સિસ્ટમ હોવાથી તે ગ્રાહકના સ્માર્ટ મીટર એપ્લિકેશન તેમજ ડિસ્ટ્રિબ્યુશન કંપની બંને સાથે કોમ્યુનિકેટ કરે છે. સ્માર્ટ મીટરથી વીજ કંપની દરેક વિસ્તારની વીજ માંગ સમજી તેનું સરળતાપૂર્વક આયોજન કરી શકે છે.

# ગુજરાતમાં હવે ફિઝીયોથેરાપી કાઉન્સીલ રદ વિધાનસભાની મંજુરી

## કેન્દ્રના ધોરણે એલાઈડ એન્ડ હેલ્થ કાઉન્સીલ અમલમાં આવતી અલાયદી કાઉન્સીલ રદ થઈ



આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે આજે ૧૫મી વિધાનસભાના છઠ્ઠા સત્રમાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ(રદ્દ કરવા બાબત)નું વિધેયક ગૃહમાં રજૂ કર્યું હતુ.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ બિલ અંગેની વિગતો ગૃહ સમક્ષ રજુ કરતા જણાવ્યુ હતું કે, ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ એક્ટ, ૨૦૧૧ રાજ્યમાં અમલમાં હતો. જેના અંતર્ગત ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝીયોથેરાપીની રચના કરાઇ હતી.

તાજેતરમાં ભારત સરકારે '' નેશનલ કમિશન ફોર એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેસન્સની'' રચના કરેલ છે. આ કમિશનનો હેતુ દેશભરના એલાઇડ અને હેલ્થકેર વ્યવસાયિકોના શિક્ષણ અને સેવાઓના ધોરણોના નિયમન અને દેખરેખ, સંસ્થાઓનું મુલ્યાંકન, સેન્ટ્રલ અને સ્ટેટ રજીસ્ટરની જાળવણી, રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિગેરે કરવા માટેનો છે.

રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ સ્ટેટ એલાઇડ એન્ડે હેલ્થકેર કાઉન્સિતલ દ્વારા ફિઝીયોથેરાપી કાઉન્સ્લિની તમામ કામગીરી પણ આવરી લેવામાં આવનાર હોવાથી ફિઝીયોથેરાપી કાઉન્સિલની હવે જરૂરીયાત રહેતી નથી તેમ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ

ફિઝીયોથેરાપી કાઉન્સિમલના અંતની સાથે કાઉન્સિેલમાં કાર્યરત તમામ સ્ટાફને નવી બનાવવામાં આવેલ '' ગુજરાત સ્ટેટ એલાઇડ એન્ડી હેલ્થકેર કાઉન્સીલ'' સમાવી લેવામાં આવશે અને તેઓ આ નવી કાઉન્સિરલમાં કાર્ય કરશે.

# પ્રાઈમરી માર્કેટમાં બે વર્ષમાં ૧૦૦૦થી વધુ IPO ધૂમ મચાવશે

મુંબઈ ભારતીય શેર બજારોમાં છેલ્લા ચાર વર્ષમાં સેકન્ડરી માર્કેટની સાથે પ્રાઈમરી માર્કેટમાં સંખ્યાબંધ કંપનીઓ તેમની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લઈને મૂડી બજારમાં આવ્યા બાદ છેલ્લા ચાર મહિનાથી વિક્રમી તેજીને બ્રેક લાગી પીછેહઠ જોવાઈ છે. આ સાથે પ્રાઈમરી માર્કેટમાં પણ ઈસ્યુઓની વણઝાર અટકતી જોવાઈ છે. જેમાં ખાસ ૨૦૨૫ના પ્રથમ બે મહિનામાં તુલનાત્મક ઓછા આઈપીઓ આવ્યા છતાં નાણા વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆતથી પ્રાઈમરી માર્કેટમાં ઈસ્યુઓની સંખ્યામાં વૃદ્ધિ ચાલુ થવાનો અંદાજ મૂકાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૦૨૭માં મળીને બે વર્ષમાં ૧૦૦૦થી વધુ કંપનીઓ આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશશે એવો અંદાજ છે.

એક રિપોર્ટ મુજબ ભારતના આઈપીઓ માર્કેટમાં ૨૦૨૫ પબ્લિક ઓફરિંગમાં ફરી વૃદ્ધિ સાથે શ્રેષ્ઠ બની રહેવાનો અંદાજ છે. રોકાણની વધુ તકો અને વપરાશમાં વૃદ્ધિ સાથે આર્થિક વૃદ્ધિ વ્યાપક રીતે સારી રહેવાના અંદાજોએ પ્રાઈમરી માર્કેટમાં સળવળાટ વધવાની શકયતા વ્યક્ત કરાઈ છે. એસોસીયેશન ઓફ ઈન્ડિયન બેંકર્સ ઈન ઈન્ડિયા (એઆઈબીઆઈ) દ્વારા આગામી બે નાણાકીય વર્ષમાં ૧૦૦૦થી વધુ આઈપીઓ સાથે કંપનીઓ મૂડી બજારમાં પ્રવેશશે એવો અંદાજ મૂકાયો છે.

નાણા વર્ષ ૨૦૨૫-૨૬ પ્રાઈમરી માર્કેટમાં કેટલીક મોટી કંપનીઓના આઈપીઓ સાથે શ્રેષ્ઠ બની રહેવાનો અંદાજ છે. જેમાં ટેલીકોમ જાયન્ટ રિલાયન્સ જિયો રૂ.૮ લાખ કરોડના વેલ્યુએશન સાથે મેગા આઈપીઓ લઈને મૂડી બજારમાં પ્રવેશે એવો અંદાજ છે. આ સિવાય દક્ષિણ કોરિયાની હ્યુન્ડાઈના ભારતીય સાહસ હ્યુન્ડાઈ ઈન્ડિયા બાદ હવે એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા પણ તેના વર્તમાન શેરધારકોની ઓફર ફોર સેલ લઈને રોકાણકારો પાસેથી રૂ.૧૫,૦૦૦ કરોડથી વધુ મૂડી ઊભી કરવા મૂડી બજારમાં પ્રવેશે એવી શકયતા છે.

# રેલ્વે મુસાફરીમાં હવે ત્રણ દિવસ અગાઉ જનરલ ટિકિટ કાઉન્ટર પરથી મળશે

## પ્રવાસ પ્રારંભ પૂર્વે જ ટિકિટ મળતા રાહત રહેશે

રાજકોટ,તા.૨૧

પશ્ચિમ રેલ્વે તેના મુસાફરોને સુવિધાજનક અને મુશ્કેલી રહિત મુસાફરીનો અનુભવ આપવા માટે પ્રતિબદ્ધ છે.આ દિશામાં, રેલ્વે દ્વારા મુસાફરોને ગેર -ઉપનગરીય ખંડ પર ૨૦૦ કિમીથી વધુની મુસાફરી માટે ત્રણ દિવસ અગાઉ (મુસાફરીનો દિવસ સિવાય) અનરિઝર્વ્ડ ટિકિટ બુક કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. આ સુવિધા અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ () ના તમામ કાઉન્ટરો પર ઉપલબ્ધ છે, જેનાથી મુસાફરો માટે ટિકિટ બુક કરવાની સુવિધા અને સરળતા સુનિશ્ચિત કરે છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ પહેલનો ઉદ્દેશ્ય ટિકિટ કાઉન્ટરો પર ખાસ કરીને હોળી, દિવાળી, ઉનાળા/શિયાળાની રજાઓ, ક્રિસમસ અને અન્ય રજાઓ જેવી પીક ટ્રાવેલ સીઝન દરમિયાન ભીડ અને લાઈનો ઘટાડવાનો છે. પશ્ચિમ રેલ્વે મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ યૂટીએસ બુકિંગ વિન્ડો પર છેલ્લી ઘડીની ભીડ થી બચવા અને પરેશાની મુક્ત મુસાફરીનો આનંદ માણવા માટે આ એડવાન્સ બુકિંગ સુવિધાનો લાભ ઊઠાવે.




શ્રી વિનીતે માહિતી આપી હતી કે ઘણા મુસાફરો હજુ પણ આ સુવિધાજનક જોગવાઈથી અજાણ છે અને પશ્ચિમ રેલ્વે તેના વિશે જાગૃતિ ફેલાવવા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. આ સુવિધા ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો માટે ફાયદાકારક છે, કારણ કે તે તેમને તેમની મુસાફરીનું આયોજન કરી શકે છે અને ટિકિટ પણ અગાઉથી બુક કરી શકે છે. આનાથી મુસાફરોને પીક ટ્રાવેલ સીઝન દરમિયાન રાહત મળશે.

મુસાફરોને તેમની મુસાફરીનું આયોજન અગાઉથી કરવા અને સરળ, તણાવમુક્ત અને આરામદાયક મુસાફરી અનુભવ માટે આ સુવિધાનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## તબલીગી જમાતમાં હોવાની શંકાએ યુવાન પર કુટુંબી ભાઈઓનો છરીથી હુમલો

રાજકોટઃ તબલીગી જમાતમાં હોવાની શંકાએ યુવાન પર કેવડાવાડી મેઈન રોડ પર કુટુંબી ભાઈઓએ છરીથી હુમલો કરતાં યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.બનાવ અંગે ભગવતીપરામાં હુશેની ચોકમાં રહેતાં ફુરકાન હુસેનભાઈ તાઈ (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહંમદ અબ્દુલ તાઈ, મોઈન યાસીન તાઈ અને યુનુસ ઈકબાલ તાઈનું નામ આપતાં ભક્તિનગર પોલીસે ૧૧૮(૧), ૧૧૫(૨), સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પવિત્ર મહાકુંભમાં પુણ્યનું ભાથું બાંધી પરિવાર સાથે આસ્થાની ડૂબકી લગાવતા સાંસદશ્રી

# રામભાઈ મોકરિયા




ભાજપના અગ્રણી નેતા અને સાંસદ શ્રી રામભાઇ મોકરિયાએ પરિવારજનો સાથે પ્રયાગરાજ ખાતે મહાકુંભના સ્નાનનો લાભલીધો હતો. આ તકે તેઓએ ઉત્તર પ્રદેશ સરકારની વ્યવસ્થાની સરાહના કરી હતી તેમજ આભાર પણ માન્યો હતો. ગુજરાતના રાજકીય નેતાઓ મહાકુંભમાં સ્નાન માટે પહોંચી રહ્યા છે ત્યારે સાંસદ શ્રી રામભાઈ મોકરિયાએ પણ પરિવાર સાથે કુંભમાં ડુબકી લગાવી ધન્યતા અનુભવી હતી.





# ભારતમાં વર્ષ ૨૦૨૧માં ૧.૧૪ લાખ પુરુષો અને ૭૪ હજાર મહિલાઓએ અકાળે જિંદગી ટુંકાવી

## 'ધી લાન્સેટ પબ્લિક હેલ્થ'માં પ્રકાશિત અધ્યયનમાં સનસનીખેજ દાવો
## ભારતમાં મહિલાઓની તુલનામાં પુરુષોમાં આપઘાતનું પ્રમાણ વધુ
## એક બાજુ સમગ્ર વિશ્વમાં જાગૃતિના કારણે આપઘાતનો દર ઘટ્યો છે



નવી દિલ્હી તા.૨૧ઃ ભારત સહિત પુરી દુનિયામાં આત્મહત્યાના કેસોમાં ઘટાડો થયો છે પરંતુ હજુ પણ દર ૪૩ સેકન્ડે દુનિયામાં એક વ્યક્તિ જિંદગીનો જંગ હારી રહ્યા છે. તેમાં પુરુષોની આત્મહત્યાનો દર વધુ છે. ભારતમાં મહિલાઓની તુલનામાં ૧.૫ ગણા વધુ પુરુષો આત્મહત્યા કરે છે. 'ધી લાન્સેટ' ગ્લોબલ હેલ્થમાં પ્રકાશિત અધ્યયનમાં આ દાવો કરવામાં આવ્યો છે.

ગત ૩૦ વર્ષમાં ૩૧ ટકા ઘટયો આપઘાતનો દરઃ રાહતની વાત એ છે કે ભારતમાં આત્મહત્યાથી થનારા મૃત્યુના દરમાં ૧૯૯૦ થી ૨૦૨૧ દરમિયાન ૩૧.૫ ટકાનો ઘટાડો થયો છે. ૧૯૯૦માં ભારતમાં દર ૧ લાખની વસ્તીએ ૧૮.૯ લોકો આપઘાત કરતા હતા, જયારે ૨૦૨૧માં આંકડો ઘટીને ૧૩ થઈ ગયો હતો.

જાગૃતિથી આંકડા ઘટયાઃ સંશોધકોએ જાણ્યું કે આત્મહત્યાની રોકમાં સૌથી મોટું કારણ લોકોની જાગૃતિ, સમયસર હસ્તક્ષેપ અને સહાયતા સિસ્ટમ હતી. હેલ્પલાઈન અને માનસિક સ્વાસ્થ્ય પર પરામર્શ આપનારા પ્લેટફોર્મ હવે મોટી સંખ્યામાં છે. સંશોધકોના અનુસાર પારિવારિક સ્થિરતા, સામાજીક એકીકરણને પ્રોત્સાહન આપવું અને હાનિકારક, સાંસ્કૃતિક પ્રથાઓ પર ધ્યાન આપવાથી આપઘાતના દરમાં ઘટાડો થયો છે.

દર ૪ મીનીટે આપઘાતના ૧૦ પ્રયાસોઃ દુનિયાભરમાં પુરુષોમાં મહિલાઓની તુલનામાં આત્મહત્યાથી મરવાની સંભાવના ડબલથી વધુ હતી. સંશોધકોના જણાવ્યા મુજબ દર મીનીટે ચાર પુરુષો અને ૬ મહિલાઓને આત્મહત્યાના પ્રયાસના કારણે હોસ્પિટલે દાખલ કરવામાં આવે છે. આત્મહત્યાના પ્રયાસમાં મહિલાઓની સંખ્યા ત્રણ ગણી વધુ છે.

કેટલાક દેશોમાં આત્મહત્યાની ઘટનાઓ વધીઃ છેલ્લા ૩ દાયકામાં દુનિયાભરમાં આપઘાતથી મૃત્યુદરમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. સૌથી વધુ ઘટાડો ચીનમાં નોંધાયો છે, જયારે બીજી બાજુ અનેક દેશોમાં આત્મહત્યાના દરમાં વધારો પણ થયો છે.

મધ્ય લેટિન અમેરિકામાં સૌથી વધુ ૩૯ ટકાનો વધારો થયો છે. જેમાં મેકસીકોમાં મહિલા આત્મહત્યાનો દર ૧૨૩ ટકા વધ્યો છે. એન્ડીયન લેટીન અમેરિકામાં ૧૩ ટકાનો વધારો થયો છે. વધુ આવકવાળા ઉતરી અમેરિકામાં ૭ ટકા આત્મહત્યાનો દર વધ્યો છે. આત્મહત્યાથી સૌથી વધુ મૃત્યુદર પુર્વી યુરોપ, દક્ષિણી ઉપસહરા આફ્રિકામાં હતો. પુરુષો માટે આત્મહત્યાથી મોત ૧૯મુ મુખ્ય કારણ હતું. દક્ષિણ એશિયામાં મહિલાઓની આત્મહત્યાનો દર સૌથી વધુ હતો. છેલ્લા અભ્યાસોમાં જાણવા મળ્યું હતું કે હિંસા, યૌન ઉત્પીડન અને બાળપણના આઘાતના શિકાર લોકોમાં આત્મહત્યાનું જોખમ વધુ હોય છે.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt.22/2/2025 SATURDAY


# ડો.સુભાષ મહિલા કોલેજ જૂનાગઢમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી





રિપોર્ટરઃ ઉદય પંડ્યા

■ **આપણા ગામડાઓ જીવશે ત્યાં સુધી ગુજરાતી ભાષા મરશે નહીંઃ રેવતુભા રાયજાદા**

જૂનાગઢ, તા. ૨૨ઃ ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર અને ડો.સુભાષ મહિલા આર્ટસ.કોમર્સ અને હોમ સાયન્સ કોલેજ જૂનાગઢ ઉપક્રમે તા.૨૧-૦૨-૨૦૨૫ના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમનો પ્રારંભ કોલેજના આધસ્થાપક શ્રી પેથલજીભાઈ ચાવડા 'બાપુજી'ના સ્મૃતિજ્ઞાન સ્મરણાંજલિ સાથે થયો હતો.દીપ પ્રાગટ્ય વિધિ બાદ સંસ્થાની આગવી પરંપરા મુજબ ઉપસ્થિત વિદ્વાનોને ગ્રંથ પુષ્પની ભેટ આપી એમનું સ્વાગત કરાયું હતું ઉપસ્થિત વક્તાઓને આવકારતા સંસ્થાના આચાર્ય શ્રી બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે માતૃભાષાએ આપણી સહિયારી સંપદા છે એનું જતન અને સંવર્ધન કરવું એ આપણી સૌની નૈતિક ફરજ છે એમણે ઉપસ્થિત સૌને માતૃભાષાનો મહિમા સમજાવ્યો હતો અને ભૂમિકા બાંધી આપી હતી.

માતૃભાષાના મહત્વ અંગે ચર્ચા કરતા વિદ્વત વક્તા શ્રી રેવતુભા રાયજાદાએ પોતાના મનનીય પ્રવચનમાં જણાવ્યું હતું કે ગામડાઓ જીવશે ત્યાં સુધી ગુજરાતી ભાષા મરશે નહીં આપણા બાળકો ખીચડી ભાષા બોલવા માંડ્યા છે દુનિયામાં બે શોધ અગ્નિ અને ચકથી આજનું બધું જ બન્યું છે.ધરતીથી જોડાયેલો માણસ રહેશે ત્યાં સુધી ભાષાને કંઈ નહીં થાય એ મત વ્યક્ત કરેલ એમણે ગીર અને બરડા પંથકમાં બોલાતી બોલીના માધુર્યની વાત કરી હતી લોક ભાષાની લઢણ અને ઉપયોગિતાનું મહત્વ ચીંધી બતાવ્યું હતું

બીજા વક્તા કવિ અનુવાદક એવા શ્રી યોગેશ વૈદ્યએ જણાવ્યું હતું કે માણસનો માતૃભાષાનો પ્રથમ સ્પર્શ ઘોડિયાંમાં સુતો હોય ત્યારે થાય છે.માતૃભાષાને બચાવવા માટે માં અને હાલરડાં સુધી જવું પડશે એમ કહી પોતાની ગિર જંગલ સંબંધિત કવિતાનું પઠન કરી સહુને મંત્રમુગ્ધ કર્યા હતા. વિશેષમાં તેમણે ગુજરાતી ભાષાના વિવિધ પ્રયોગો,તરાહો અને ભાષાના માધુર્ય વિશે ઊંડાણ સાથે વાત કરી હતી અને ગુજરાતી કવિતામાં વ્યક્ત થતું ગ્રામ્ય જીવન અને છંદો બંધ કવિતામાં રહેલા પ્રકૃતિ નિરૂપણની વાત પણ રજૂ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ કાર્યક્રમમાં જાણીતા કવિ શ્રી ડો.ઉર્વિશ વસાવડા હાજર રહેલ અને ગુજરાતી ભાષાના મહત્વ અંગે વાત કરી એમની કવિતાનું પઠન કરેલ.

કાર્યક્રમના અંતમાં અધ્યાપક શ્રી અશોક રાબડીયાએ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રેરક શ્રી ભાગ્યેશ જહાં સાહેબ અને મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ સમગ્ર આયોજન-કાર્યક્રમનું સંકલન કર્તા અજયસિંહ પરમાર બિપિન પટેલ,નરેશ સોલંકી અને પીયુષ મર્થક તેમજ વિદ્વત વક્તાઓ પ્રત્યે સંસ્થાવતી કૃતજ્ઞભાવ વ્યક્ત કર્યો હતો અને ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.કૌશિક પંડ્યાએ કર્યું હતું.અંતે સહુ ઉપસ્થિત લોકોએ ગુજરાતી ભાષામાં પોતાના હસ્તાક્ષર કરી માતૃભાષા પ્રત્યે પ્રેમ પ્રગટ કર્યો હતો.સંસ્થાના પ્રમુખશ્રી જવાહરભાઈ ચાવડાએ સૌને માતૃભાષા દિવસની શુભેચ્છા પાઠવી હતી.

# ટીબી મુક્ત ભારતનું આહવાન, રાખીએ સૌ આપણું ધ્યાન



રાજકોટ, તા.૨૧ ફેબ્રુઆરી - ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દેશમાંથી ટી.બી.નાબુદ કરવા હરહંમેશ કટીબધ્ધ રહે છે. જે અનુસંધાને હાલ, રાજકોટ જિલ્લામાં ટી.બી. નિર્મુલન અભિયાન અંતર્ગત ૧૦૦ Days Intensified campaign on TB elimination (૧૦૦)દિવસ સઘન ટીબી નિર્મુલન ઝુંબેશની કામગીરી શરુ કરવામાં આવી છે. જેના ભાગરૂપે રાજકોટના જિલ્લા ક્ષય કેન્દ્ર અને આયુષ્માન આરોગ્ય મંદિર, કસ્તુરબાધામના સંયુકત ઉપક્રમે શ્રી બી.જી.ગરૈયા આયુર્વેદ અને હોમીયોપેથીક મેડીકલ કોલેજ કાળીપાટ ગામ ખાતે વિનામુલ્યે એકસ-રે પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો કાળીપાટ, વડાવી, કસ્તુરબાધામ, અણીયારા સહિતના ગામના લોકોએ લાભ લીધો હતો. કેમ્પમાં એકસ-રે સ્ક્રીનીંગની કામગીરી શ્રી યોગેશભાઈ શીંગાળાએ સાંભળી હતી. આ કેમ્પની શરૂઆત ડો.એલ.એસ.પાનીગ્રહી, શ્રી બી.જી. ગરૈયા આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. આ તકે આયુષ્માન આરોગ્ય મંદિર કસ્તુરબાધામ(ત્રંબા)ના આયુષ મેડીકલ ઓફિસર ડો. સરોજ જેતપરિયા, કાળીપાટ ગામના શ્રી બી.જી.ગરૈયા આયુર્વેદ અને હોમીયોપેથીક મેડીકલ કોલેજ અને હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી વનરાજભાઈ ગરૈયા, બી.જી. ગરૈયા આયુર્વેદિક હોસ્પિટલના ડેપ્યુટી એન્ડ મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ ડો. દિનાબેન પારેખ એચ.આર.ડો.દિનકર, ડો. હેમાંશુ જોશી કસ્તુરબાધામના મેડીકલ ઓફિસરશ્રી ડો.પંકજ, ડો.અનિતા શેખડા, આર.બી.એસ.કે., આશા બહેનો, આશા ફેસીલીટેટર, સી.એચ.ઓ., એમ.પી.એચ.ડબ્લ્યુ., એફ.એચ.ડબ્લ્યુ. સહીત આરોગ્ય વિભાગનો સ્ટાફ અને કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલને ડાયાલીસીસનું મશીન અર્પણ કરતા પાબારી પરિવાર

રાજકોટ, તા. ૨૨: શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ, જે સૌરાષ્ટ્રની એક માત્ર ટ્રસ્ટ સંચાલિત સુપર મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ છે. જે અત્યાધુનિક ૨૪ કલાક ૩૬૫ દિવસ કાર્યરત હોસ્પિટલ છે. હોસ્પિટલના ચેરમેન શ્રી શૈલેષભાઇ જે.પાબારી, મેનેજીન ટ્રસ્ટી શ્રી કેતનભાઈ સી. પાવાગઢી, તથા સર્વે ટ્રસ્ટી મંડળ સંયુક્ત યાદી જણાવે છે કે, શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલમાં સૌરાષ્ટ્રના નામાંકિત સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની ટીમ, અનુભજલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલને ડાયાલીસીસનું મશીન અર્પણ કરતા પાબારી પરિવારવી સ્ટાફથી સજ્જ હોસ્પિટલમાં શ્રી અમિતભાઇ પાબારી તથા શ્રી જતીનભાઈ પાબારી, દ્વારા ડાયાલીસીસ મશીન નું ડોનેશન આપવામાં આવેલ છે.

શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ માં ડાયાલીસીસ વિભાગ દેશ વિદેશમાં નામાંકિત ડો.સંજય પંડયા (નેફ્રોલોજિસ્ટ) ના નેજા હેઠળ ઘણા વર્ષોથી સફળતાપૂર્વક ચલાવી રહિયા છે



આશરે ૬૦૦૦૦ દર્દી ઓને આ સારવારનો લાભ મળી ચુક્યો છે હાલ માં હોસ્પિટલમાં ૧૧ મશીન કાર્યરત છે પરંતુ કિડનીના દર્દીઓની આ જરૂરિયાતને પહોંચી વાળવા સતત નવા મશીનની જરરીયા સમયાંતરે રહેતી હોય છે. જલારામ હોસ્પિટલના ચેરમેન શ્રી શૈલેષભાઇ પાબારીના સફળ પ્રયાસ શ્રી અમિતભાઇ પાબારી, શ્રી જતીનભાઈ પાબારીથી દ્વારા સહાયતા મળેલ છે.

માનવતાના મોભી તરીકે આપે હોસ્પિટલ માં સ્વઃ સ્વ.શ્રી નરેશભાઈ કરસનદાસ પાબારી સ્મરણાર્થે તેમના ધર્મ પત્ની શ્રી નિર્મલાબેન નરેશભાઈ પાબારી , શ્રી અમિતભાઇ પાબારી, શ્રી જતીનભાઈ પાબારી ના વરદ હસ્તે રૂ. રૂ. ૬ લાખ ૫૦ હાજર ડાયાલીસીસ મશીન માટે શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ ને આપવામાં આવેલ છે આપના આ દાન થી કીડની ના દર્દી ઓને ખુબજ સહાયતા અને નવજીવન મળશે.

હોસ્પિટલમાં અદ્યતન આઈસીયુ, ડિલક્સ રૂમ, જનરલ રૂમની સુવિધા, અને વેન્ટિલેટર તથા સેન્ટ્રલ લાઈન ઓક્સિજન તથા જનરલ મેડિસિન, જનરલ સર્જરી, ન્યુરોસર્જન, કેન્સર સર્જન, ઓનકોલોજિસ્ટ, ઓર્થોપેડિક, યુરોલોજી, નેફ્રોલોજી, ગાયનેક, ડેન્ટલ, ઈ.એન.ટી., ડર્મેટોલોજિસ્ટ, રૂહમેટોલોજિસ્ટ, પીડિયાટ્રિક, મેક્સિલો ફેસિયલ સર્જન, પેથોલોજીસ્ટ ડાયટિસન, વગેરે ડિપાર્ટમેન્ટ તથા રેડિયોલોજી (એક્સરે, સોનોગ્રાફી, સીટીસ્કેન), લેબોરેટરી જેવી તમામ સુવિધાઓ ૨૪x૭ કાર્યરત છે, આ કપરા સમય દરમિયાન સર્વે નાગરિકો સ્વસ્થ રહે તેવી અભ્યર્થના સાથે શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલના સર્વે ડોક્ટર, સર્વે સ્ટાફ, દર્દીનારાયણની સેવાઓમાં અવિરત તત્પર રહે છે એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ છે.

વધુ માહિતી અને એપોઈન્ટમેન્ટ માટે શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ, પંચવટી સોસાયટી, શ્રીનાથજી ટાવર પાછળ, અમીન માર્ગ રાજકોટ ખાતે અથવા ૦૨૮૧-૨૪૫૦૫૫૧ /૫૨/૫૩, ૭૮૭૪૬૦૯૦૦૦ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# વેરાવળ-ગાંધીગ્રામ વચ્ચે દોડશે મહાશિવરાત્રિ મેળા સ્પેશિયલ ટ્રેન

જૂનાગઢ, તા. ૨૨: જૂનાગઢમાં યોજાઈ રહેલા મહાશિવરાત્રી મેળા નિમિત્તે મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ રાજકોટ ડિવિઝનમાંથી પસાર થઈને વેરાવળ-ગાંધીગ્રામ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૯૫૬૮ વેરાવળ-ગાંધીગ્રામ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન વેરાવળથી ૨૧.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૮.૦૦ કલાકે ગાંધીગ્રામ પહોંચશે. આ ટ્રેન માળીયા હાટીના, કેશોદ, જૂનાગઢ, જેતલસર, વિરપુર, ગોંડલ, ભક્તિનગર, રાજકોટ, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર જંક્શન, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા અને સરખેજ સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ હશે. આ



ટ્રેન ઉપરોક્ત સમય મુજબ ૨૩.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૨.૨૦૨૫ સુધી દરરોજ ચાલશે.

૨. ટ્રેન નંબર ૦૯૫૬૭ ગાંધીગ્રામ-વેરાવળ સ્પેશિયલ ટ્રેન ગાંધીગ્રામથી સવારે ૧૦.૧૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે સવારે ૧૭.૪૦ વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન માર્ગમાં સરખેજ, બાવળા, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ધસા, લાઠી, ચિતલ, વડીયા દેવળી, જેતલસર, જૂનાગઢ, કેશોદ અને માળીયા હાટીના સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ કોચ પણ હશે. આ ટ્રેન ઉપરોક્ત સમય મુજબ ૨૪.૦૨.૨૦૨૫ થી ૨૮.૦૨.૨૦૨૫ સુધી દરરોજ ચાલશે. ટ્રેન નંબર ૦૯૫૬૮ અને ૦૯૫૬૭ માટે ટિકિટ બુકિંગ ૨૨.૦૨.૨૦૨૫ થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને ઈંછ્છિઝઈ વેબસાઇટ પર ખુલશે. આ ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઇટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.22/2/2025 SATURDAY


# ચલાલા નગર પાલીકાના પરીણામમા ચલાલા નગર પાલીકાના સેવાભાવી પુર્વ પ્રમુખ શ્રી હિંમતભાઈ દોંગા એ કોંગ્રેસ ધુંરધંરોના ગણિતને ઊંધા વાળી દિધા


■ **ચલાલામાં હંમેશા દવાખાનાના કામ સહીત સેવાકાર્યમાં અગ્રેસર શ્રી હિંમતભાઇ દોંગાની લોકપ્રિયતાના કારણે કોંગ્રેસની એક પણ બેઠકના આવી**


પ્રકાશ કારીયા-યોગેશ ઉનડકટ

ચલાલા, તા.૨૧: ચલાલા નગર પાલીકા ની સામાન્ય ચુંટણી ના પરીણામ જાહેર થઈ ગયા છે..ચલાલા નગર પાલીકા ની આ વખત ની ચુંટણી મા કોંગ્રેસ અને આપ સાથે મળી ને ભાજપ સામે લડાયક અને મજબુતાઇ થી ચુંટણી લડી ભાજપ ને બરાબર ની ટક્કર આપી હતી..અને મતદાન પછી એવુ વાતાવરણ અને માહોલ બન્યો હતો કે કોંગ્રેસ અને આપની આઠ-દસ બેઠકો આવશે..અને ચોરે અને ચોટે લોક વાયકા પણ બની હતી..કે કોંગ્રેસ ની બેઠકો સપ્રમાણ મા આવશે..આવા સમયે ભાજપ છાવણી મા પણ ચિંતા થવા લાગી હતી..પરીણામ આવતા કોંગ્રેસ નો સફાયો થઈ ગયો અને કોંગ્રેસ- આપ ને એક પણ બેઠક નહી મળતા આશ્ચર્ય સર્જાયુ હતુ..જાણવા મળેલ વિગત મુજબ આ આવેલ પરીણામ નુ કારણ હતુ..ચલાલા નગર પાલીકા ના પુર્વ સેવાભાવી પ્રમુખ અને કુકાવાવ વડીયા ના પ્રભારી તેમજ ચલાલા ભાજપ ના વરીષ્ઠ આગેવાન શ્રી હિંમતભાઇ દોંગા ની સુપેરે કામગીરી અને તેની લોકપ્રિયતા.

હિંમતભાઈ દોંગા ને વાવડ મળી ગયા હતા કે તે જે વોડ નં.૧ માથી ચુંટણી લડી રહ્યા છે..તેમા તેમની પેનલ ને હરાવવા સામે ના પક્ષે થી એડીચોંટી નુ જોર લગાવી રહ્યા હતા. આ વખતની ચુંટણી મા કપરા સંજોગો હતા તેવા સમયે ભાજપ ના કર્તવ્ય નિષ્ઠ હિંમતભાઇ દોંગાએ ચુંટણીની કમાણ સંભાળી લઈ મતદારોના ડોર ટુ ડોર સમ્પઁક ચાલુ કરી દિધો હતો..એક-એક મતદારો ને રુબરુ મળ્યા..ગ્રુપ મીટિંગો કરી..છેલ્લા ચાર દિવસ રાત્રી એક કર્યા. અકલ્પિય મહેનત કરી લીધી. શહેરના નગરજનો એ હિંમતભાઇ દોંગાની દવાખાના ની સેવા, શહેરના રોડ રસ્તા પાણી સફાઇ ગટર લાઇટ ની સેવા, કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકારની વિકાસ શીલ મુખ્ય યોજના આયુષ્માન કાડ, ઉજવલાયોજના, ધન લક્ષ્મી યોજના, પી.એમ. કિસાન નિધી, તાર ફેન્સીંગ મેડા બનાવવા, અંત્યોદય રેશન, બીપીએલ કાડ, વૃધ્ધપેન્શન, વિધવા પેન્શન, પોતાના ધરેથી સરકારી દવાખાને પેશન્ટ માટે ટીફીન પહોંચડાવવા સહિત પોલીસ સ્ટેશન, પી.જી.વી.સી.એલ. ની સચોટ કામગીરી, જરૃરીયાત મંદો ને રાશન કિટ,દવાખાના કામ માટે ઇમરજન્સી કાડ બનાવવા, શ્રમકાડ, પશુ,પક્ષી, પ્રાણીસેવા, સહીતની અનેક સકારત્મક સેવાઓ ને ધ્યાન મા રાખી વોડ નં. ૧ ના મતદારો અને નગરજનો એ હિંમતભાઇ દોંગા ને જબરદસ્ત સમર્થન આપી ભાજપ તરફી અભૂતપૂર્વ મતદાન કરી ભાજપ ને ચોવીસેય ચોવીસ બેઠક આપી ભાજપ ને ઐતિહાસિક વિજય આપી કોંગ્રેસ-આપ ના સુપડા સાફ કરી નાખ્યા હતા..ચલાલાના નગરજનો એ જેઓને ૧૦૮ નુ બિરૂદ આપ્યુ છે તેવા સેવાભાવી પુર્વ પ્રમુખ શ્રી હિંમતભાઇ દોંગાની અ કલ્પીય સેવાઓ ને ધ્યાન મા રાખી ચલાલા ના નગરજનો એ ભાજપ ને ઐતિહાસિક વિજય અપાવ્યા બદલ શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાઠરોટીયા, પુર્વ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા અને હિંમતભાઇ દોંગા એ સમજદાર અને સમજુ નગરજનો નો અંતકરણ પુર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને હિંમતભાઇ દોંગાએ જણાવ્યુ હતુ કે હુ આગામી સમય મા આપની સેવા કરવા માટે હુ કટીબદ્ધ છુ.. તેમ પ્રકાશ કારીયા એ જણાવેલ છે.

## બોટાદ નગરપાલીકા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર છત્રજીતભાઈ (સતુભાઈ) ધાધલનો ભવ્ય વિજય



બોટાદ નગરપાલીકા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર છત્રજીતભાઈ (સતુભાઈ) ધાધલ વોર્ડ નંબર ૯માં ભવ્ય લીડથી વિજય મેળવ્યો હતો છત્રજીતભાઈ મહેન્દ્રભાઈ ધાધલ જેઓ બોટાદ ગામધણી સ્વ.દરબાર શ્રી ભોજબાપુ હમીરબાપુ ખાચર પરીવાર નાભાણેજ છે તેમજ VHP જિલ્લા અધ્યક્ષ, અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ બોટાદ જિલ્લા પ્રમુખની જવાબદારી પણ નિભાવી રહયા છે.

## વિરપુર જલારામધામના યુવા પત્રકાર કિશનસિંહ મોરબીયાનો આજે જન્મદિવસ




સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ અને જગવિખ્યાત યાત્રાધામ વિરપુર જલારામધામના ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના યુવા પત્રકાર કિશનસિંહ મોરબીયા (ક્રિશરાજસિંહ રાજપૂત)નો આજે ૨૨ ફેબ્રુઆરીના રોજ જન્મદિવસ છે. પૂજ્ય જલારામ બાપાના ધામ વિરપુર જલારામધામમાં છેલ્લા ઘણા સમયથી વિરપુર તેમજ વિરપુર પંથકના આજુબાજુના બનાવોને કેમેરામાં કંડારીને ઈલેક્ટ્રોનિક મીડિયા તેમજ પ્રીન્ટ મીડિયાના માધ્યમથી લોક પ્રશ્નોને વાચા આપનાર વિરપુર પત્રકાર મીડિયા સંઘના યુવા પત્રકાર કિશનસિંહ મોરબીયા (ક્રિશરાજસિંહ રાજપૂત)નો આજે જન્મદિવસ છે.વીરપુરના યુવા પત્રકાર કિશનસિંહ મોરબિયાને ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજના આગેવાનો,અગ્રણીઓ, યુવાનો તેમજ બહોળો મિત્રવર્ગ અને અધિકારી વર્ગ તથા બિન અધિકારીવર્ગ તેમના મો.૮૦૦૦૦ ૬૩૧૩૧ ઉપર જન્મદિવસની શુભકામનાઓ પાઠવી રહ્યાં છે.



# કોડીનારના કડવાસણમાં નેશનલ હાઈવે માટે સંપાદન થયેલ જમીન ઉપરની ભૂતિયા આંગણવાડીનું બાંધકામ ડીમોલિશ કરાયુ

- **અનધિકૃત બાંધકામથી નેશનલ હાઈવે પર બ્લેક સ્પોટ ઉભો થતો હોવાથી રસ્તા પર અકસ્માતનો પણ ભય રહેતો હોવાથી તંત્રએ કાર્યવાહી કરી**
- **ગેરકાયદેસર બાંધકામ કરનાર દિનુ બોઘાભાઈ સોલંકી તથા દિલીપ લખમણ બારડનું આવેલ હોવાનો અહેવાલ**



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૨: કોડીનાર પંથકના કડવાસણમાં સરકારી જમીન ઉપર આંગણવાડીનું બોર્ડ લગાવી ટ્રાન્સપોર્ટ ઓફીસ ચાલી રહી હતી. જેની તપાસમાં સરકારી જમીન નેશનલ હાઈવે માટે સંપાદન થયેલ હોય જેની ઉપર ભૂતિયા આંગણવાડીનું બાંધકામ કરાયેલ હતુ. જે બાંધકામને આજે તંત્ર દ્વારા ડીમોલિશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સીધી દેખરેખ હેઠળ કોડિનારના કડવાસણ ગામના સરકારી સર્વે નંબર-૨૬ માં ખાનગી ટ્રાન્સપોર્ટ તરીકે ઉપયોગ થતી જમીનમાં આંગણવાડીનું બોર્ડ મારી ગેરમાર્ગે દોરવા અંગેની ફરિયાદ બાબતે રેવન્યૂ વિભાગની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરતાં સવાલવાલી સરકારી જમીન તા.૬/૨/૨૦૧૫ ના રોજ નેશનલ હાઈવે ચારમાર્ગિય કરવાના હેતુસર સંપાદન કરવામાં આવેલ હતી. આ સરકારી જમીન પર કરેલ ગેરકાયદેસર બાંધકામોને એડહોક વળતર ચૂકવવા બાબતેની વર્ષ-૨૦૨૩ માં થયેલ તપાસ તજવીજ આકારણી પત્રકના કોલમ-૪માં ગેરકાયદેસર બાંધકામ કરનાર દિનુ બોઘાભાઈ સોલંકી તથા દિલીપ લખમણ બારડનું આવેલ હોવાનો અહેવાલ થયેલ હતો.

નેશનલ હાઈવે ઓથોરિટીના તા.૧૦/૪/૨૦૧૭ ના સરક્યુલર મુજબ સરકારી જમીન પર ગેરકાયદેસરના બાંધકામ અંગે કોઈ વળતર આપવાની જોગવાઈ ન હોય, પ્રાથમિક તપાસમાં આ સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરી આંગણવાડીનું બોર્ડ મારીને લોકોને ગેરમાર્ગે દોરવાની પ્રવૃત્તિ આચરતા ઈસમો વિરુદ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરવા અને અનધિકૃત બાંધકામ તાત્કાલિક દૂર કરવાનો તપાસનીશ અધિકારી દ્વારા અહેવાલ થયેલ હતો. ઉપરાંત અનધિકૃત બાંધકામથી નેશનલ હાઈવે પર બ્લેક સ્પોટ ઊભો થતો હોવાથી રસ્તા પર અકસ્માતનો પણ ભય રહે છે. જેથી આ બાંધકામ દૂર કરી જમીન કબ્જો આપવા જીલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠકમાં નેશનલ હાઈવેના અધિકારી દ્વારા ભૂતકાળમાં ચાર વખત રજૂઆત કરવામાં આવી હતી. નેશનલ હાઈવે પરનો ટોલ લેવાની કામગીરી શરૂ હોવાથી રોડની કામગીરી સંપૂર્ણ ન થતાં લોકો દ્વારા પણ અવાર-નવાર ફરિયાદ કરવામાં આવતી હતી.

જેથી આજે પોલીસ અધિકારીના નેતૃત્વમાં મોટા પોલીસ સ્ટાફનો કાફલો તૈનાત કરીને કરીને આ ભુતીયા આંગણવાડીના અનધિકૃત બાંધકામને પાંચથી વધુ જેસીની મશીનોની મદદથી ડિમોલિશન કરી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન એક તબક્કે ડીમોલેશન અટકાવવા આવેલા ટોળાને પોલીસ સ્ટાફે વિખેરી નાંખ્યુ હતુ. હવે આ જમીન નેશનલ હાઈવેને સોંપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ડીમોલીશન કરાયેલ બાંધકામમાં ચાલતી ખાનગી ટ્રાન્સપોર્ટની ઓફીસ પંથકના મોટા માથાની હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

# મહેશ લાંગાની સંડોવણીવાળા દેશભરમાં ચર્ચાસ્પદ બનેલ GST ના કરોડોના કૌભાંડમાં મિહિર પટેલના રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર

રાજકોટ, તા.૨૧: જીએસટીના કરોડોના ચકચારી કૌભાંડમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન, રાજકોટ દ્વારા આઈપીસીની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૪૨૦ અને ૧૨૦(બી) હેઠળ નોંધાયેલ બે ગુન્હામાં વેપારી મિહિર પટેલને આગોતરા જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ રાજકોટના અધિક સત્ર ન્યાયાધીશ શ્રી એસ. એ. ગલેરિયા દ્વારા તા. ૧૮/૦૨/૨૦૨૫ના રોજ ફરમાવવામાં આવેલ છે.

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, સેન્ટ્રલ જીએસટી વિભાગ, રાજકોટમાં ફરજ બજાવતા અધિકારી જયપ્રકાશ સિંઘ દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશન, રાજકોટને ફરિયાદ આપવામાં આવેલ કે તા. ૦૧/૦૬/૨૦૨૩ થી તા. ૩૦/૦૯/૨૦૨૩ દરમ્યાન કોઈ વ્યકિત દ્વારા પરમાર એન્ટરપ્રાઈઝના નામથી બનાવટી ભાડા કરાર બનાવી ભાડા કરાર ખોટો હોવાનું જાણવા છતાં એ ભાડા કરારને ખરા તરીકે સેન્ટ્રલ જીએસટી ઓફિસ, રાજકોટ ખાતે



જીએસટી વિભાગમાં ઓનલાઈન રજૂ કરી પરમાર એન્ટરપ્રાઈઝના નામે જીએસટી રજીસ્ટ્રેશન મેળવી બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે અન્ય ૧૪ કંપનીના સંચાલકો સાથે મળી ગુનાહિત કાવતરૂં રચી બનાવટી બિલિંગ, બનાવટી દસ્તાવેજો અને ખોટી રજૂઆતો દ્વારા બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી ખૂબ જ મોટી રકમનું સરકારને આર્થિક નુકસાન પહોંચાડેલ છે.

ઉપરોક્ત ફરિયાદના આધારે ડી.સી.બી. પોલીસ સ્ટેશન, રાજકોટ દ્વારા તા.



૨૭/૧૧/૨૦૨૪ ના રોજ ગુન્હો નોંધી પરમાર એન્ટરપ્રાઈઝ પેઢીના સંચાલકો તેમજ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવનાર કેટલાક વેપારીઓની ધરપકડ કરવામાં આવેલ. ઉપરોક્ત ગુન્હામાં પરમાર એન્ટરપ્રાઈઝ પાસેથી ખરીદી બતાવી વેરાશાખ ભોગવનાર વેપારી મિહિર પટેલને પણ પોતાની ધરપકડ થવાની દહેશત હોય, તેઓ દ્વારા વકીલ અપૂર્વ એન. મહેતા મારફત રાજકોટ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવેલ.

તદુઉપરાંત સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા પર આધારિત હોય, આરોપી વેપારીની કસ્ટડી વગર પણ તપાસ આગળ વધી શકે છે. વધુમાં આગોતરા જામીન માટે સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતો ટાંકી, તર્કસંગત દલીલો, રજુઆતો કરી અરજદાર વેપારીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલ. ઉપરોક્ત આગોતરા જામીન અરજીનો સરકાર પક્ષ દ્વારા ગુન્હાની ગંભીરતા જોતાં સખત વિરોધ કરી અરજી નામંજૂર કરવા રજૂઆત કરવામાં આવેલ. ઉપરોક્ત બંન્ને પક્ષોની દલીલોના અંતે બચાવ પક્ષની દલીલોને માન્ય રાખીને વેપારી મિહિર પટેલની આગોતરા જામીન અરજી મંજૂર કરતો હુકમ રાજકોટના અધિક સત્ર ન્યાયાધીશ શ્રી એસ. એ. ગલેરિયા દ્વારા તા. ૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ફરમાવવામાં આવેલ છે. ઉપરોક્ત કેસમાં વેપારી મિહિર પટેલ વતી ગુજરાત હાઈકોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી અપૂર્વ એન. મહેતા તથા જયદીપ એમ. કુકડીયા રોકાયેલા હતા.

# સોમનાથના ત્રિવેણી સંગમને સ્વચ્છ બનાવવા અમદાવાદની સ્ટીમર બોટ દ્વારા સફાઈ કાર્ય હાથ ધરાયુ

- **ત્રિવેણી નદીમાં સફાઈના પ્રથમ દિવસે ચાર ટન જળકુંભી વેલ, પ્લાસ્ટિક બોટલો, ચુંદડીઓ, નાળીયેર એકઠા કરી બહાર કર્યા**

વેરાવળ, તા. ૨૨: ભારતના બાર જયોતિર્લિંગમાં પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરે આગામી મહાશિવરાત્રી અનુલક્ષી સોમનાથ તીર્થના પવિત્ર ત્રિવેણી સંગમ નદીની જબ્બર સફાઈ કરવા સોમનાથ ટ્રસ્ટ અને જીલ્લા વહીવટી તંત્ર કાર્યરત થયુ છે. અત્રે અમદાવાદથી આવેલી સ્ટીમર બોટ દ્વારા ત્રિવેણી નદીમાંનસફાઈ શરૂ કરી છે. પ્રથમ દિવસે સવારથી શરૂ થયેલ સફાઈ કામગીરી દરમ્યાન ચાર ટન જેટલો જળકુંભી વેલ, પ્લાસ્ટિક બોટલો, ચુંદડીઓ, નાળીયેર એકઠા કરી બહાર



કાઢવામાં આવ્યા હતા. જગવિખ્યાત સોમનાથ યાત્રાધામમાં ત્રણ પવિત્ર નદીઓ કપિલા, હિરણ અને સરસ્વતી સંગમ પ્રાચીન કાળથી પ્રસિધ્ધ છે. સોમનાથ ખાતે મહાશિવરાત્રી નિમિત્તે તા.૨૪ થી ૨૬ ફેબ્રુઆરી અલૌકિક સોમનાથ મહોત્સવ યોજાઈ રહ્યો છે. જેના ભાગ રૂપે ત્રણે દિવસ ત્રિવેણી સંગમ નદીના કાંઠે આરતી યોજાશે. જેમા ૧૦૮ દીવડા પ્રજવલિત કરાશે. જેથી ત્રિવેણી નદીને સાફ કરવા ખાસ અમદાવાદ સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે કાર્યરત રહેતી સ્ટીમર બોટ અત્રે લાવવામા આવી છે. જે આઠથી દસ દિવસ સુધી ત્રિવેણી નદીમાં રહેલો કચરો સવારના ૭ થી રાત્રીના ૧૧ સુધી એકઠો કરી નદી સફાઈ કરશે. આ સફાઈ કાર્ય દરમ્યાન નદીમાં પથરાયેલ લીલીછમ વેલાઓની જળકુંભીઓ પણ દૂર કરી જળ નિર્મળ બનાવાઈ રહ્યુ છે. કલીન ટેક-પુના-બોમ્બેના સહયોગથી અંદાજે અઢી કરોડની આ બોટ યાંત્રિક-માનવીય રીતે કાર્ય કરી રહી છે. જેના ઓપટર રાજકિશોર તથા તેની સાથે બે એન્જીનીયરો પણ અમદાવાદથી ખાસ આવેલ છે. સફાઈના પ્રથમ દિવસ દરમ્યાન અંદાજે ચાર ટન જેટલો જળકુંભી વેલ, પ્લાસ્ટીક બોટલો, ચૂંદડીઓ, નાળીયેર અને નકામા ધાતુના કટકાઓ એકઠા કરવામાં આવ્યા હતા. આ સ્ટીમર બોટ એન્જીથી નદીમાં ચાલે છે અને જેસીબીની જેમ જ વેલા અને નદીમાંના કચરાને આગળના ભાગના સુપડામા એકત્ર કરી તેને વળાંક લઈ પાછળ કચરો ઠલવાની ટ્રોલીમાં ઠાલવે છે. આમ ત્રિવેણી સંગમમાં સફાઈકાર્ય પુરજોશમાં ચાલી રહ્યુ છે.

# જામસાહેબ મેમોરિયલ યુથ એક્સચેન્જ કાર્યક્રમ હેઠળ પોલેન્ડ દેશના ૨૦ યુવા પ્રતિનિધિઓ જામનગરની મુલાકાતે




■ **જામનગરમાં લાખોટા તળાવની મધ્યમાં આવેલ પુરાતત્ત્વીય સંગ્રહાલય અને બાલાચડી સૈનિક સ્કુલની મુલાકાત લીધી**

જામનગર તા.૨૧: વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૨૧-૨૨ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ પોલેન્ડની તેમની મુલાકાત દરમિયાન ‘‘જામસાહેબ મેમોરિયલ યુથ એક્સચેન્જ કાર્યક્રમ‘‘ નામની એક નવી પહેલની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે પોલેન્ડના ૨૦ યુવાનો ૧૯ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ભારતની મુલાકાતે આવ્યા છે. આ મુલાકાત સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન આપશે અને બંને દેશો વચ્ચે લોકોના આદાનપ્રદાનને વધારશે. ત્યારે આજે તા.૨૧ ફેબ્રુઆરીના રોજ પોલેન્ડના ૨૦ યુવા પ્રતિનિધિઓ જામનગરની મુલાકાતે આવ્યા હતા. પોલેન્ડના યુવાઓએ સવારે લાખોટા તળાવની મધ્યમાં આવેલ પુરાતત્ત્વીય સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. ત્યાં તેઓએ જામનગરના ઈતિહાસ અને જામનગરના રાજવીઓ વિષે જાણકારી મેળવી હતી. ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને વિકાસ કાર્યમાં જામશ્રી દિગ્વિજયસિંહજીના રસ અને પ્રોત્સાહનનું ઉત્તમ ઉદાહરણ છે, પુરાતત્ત્વીય સંગ્રહાલયની સ્થાપના. પોલેન્ડના યુવા પ્રતિનિધિઓએ સંગ્રહાલયમાં પથ્થર અને ધાતુના શિલ્પો, તોપ, લઘુચિત્રો, કાષ્ઠ ચિત્રો, કાચનાં વાસણ, સિક્કા, ચલણી નોટ છાપવા માટેના ધાતુના બીબાં, તામ્રપત્ર, તમામ ભીત ચિત્રો તેમજ પેનલ(વુડન) ચિત્રોનું રિસ્ટોરેશન અને કન્ઝર્વેશન વર્ક, ભરતકામ અને મોતીકામ વાળી પ્રાદેશિક વસ્ત્રકલા, ઈતિહાસના અવશેષો અને વ્હેલ માછલીનું વિશાળ હાડપિંજર જોઈ ભવનનિર્માણની વાસ્તુકલાથી પ્રસન્ન થયા હતા. ત્યારબાદ તેઓએ બાલાચડી સૈનિક સ્કુલની મુલાકાત દરમિયાન શૌર્યસ્તંભ - શહીદ યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલી અર્પણ કરી હતી. બાદમાં શૈક્ષણિક બ્લોક, છાત્રાલય તેમજ બાલાચડીના ઐતિહાસક સ્થળની મુલાકાત લીધી હતી. બીજા વિશ્વયુદ્ધથી જ ભારત અને પોલેન્ડ માનવીય સંબંધોથી જોડાયેલા છે. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન જર્મનીએ પોલેન્ડ પર હુમલો કર્યો હતો. તે દરમિયાન યુદ્ધમાં પોલેન્ડના અનેક બાળકો અનાથ થયા હતા.

# ફરીવાર કાયદો હાથમાં લેતા લુખ્ખાઓઃ જાહેરમાં છરીઓ લઈ મારવા દોડયા, રીક્ષામાં તોડફોડ





રાજકોટ, તા. ૨૧

રંગીલુ રાજકોટ પ્રતિદિન લોહીયાળ થતું જઇ રહ્યું છે અને લુખ્ખાઓ કાયદો હાથમાં લેતા ખચકાતા નથી. ત્યારે ગઇકાલે મોરબી રોડ પર લુખ્ખાઓ બેફામ બન્યા હતા જેમનો વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો. રીક્ષા અને બાઇક વચ્ચે અકસ્માત થયા બાદ બંને પક્ષે જાહેરમાં છરીઓ લઈ મારવા દોડયા હતા અને અંતે રીક્ષાના કાચમાં મોટા પથ્થરનો ઘા ઝીંકી તોડફોડ કરવામાં આવી હતી. જેમનાથી હાજર લોકોમાં એક ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારે પોલીસે બંને પક્ષે સમાધાન કરાવી મધ્યસ્થીની ભૂમિકા ભજવતું પાત્ર નિભાવ્યું હતું.પ્રાપ્ત વિગત મુજબ આજે સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો હતો જેમાં ત્રણેક યુવક એક યુવકની પાછળ મ્યાન કરેલ છરી લઈ મારવા દોડતા હોય તેવું જોવા મળ્યું હતું તેમજ તે યુવકને બેફામ ફડાકા ઝીંકી, ઢીકાપાટુનો માર માર્યો હતો. લુખ્ખાઓ ત્યાં સુધી અટકયા ન હતા અને છેવટે રીક્ષામાં મોટો પથ્થર ઝીંકી કાચ તોડી નાખ્યો હતો. ઉપરાંત વિડીયોમાં જોવા મળ્યા મુજબ પોલીસની પીસીઆર વાન પણ ત્યાંથી પસાર થતી હોય, તેવું જોવા મળ્યું હતું. પોલીસની હાજરીમાં પણ લુખ્ખાઓ હવે બેફામ બની રહ્યા છે ત્યારે શહેરીજનોમાં એક ભયનો માહોલ સર્જાઇ રહ્યો છે.

બાદમાં જાણવા મળેલ વિગત મુજબ જાહેરમાં બઘડાટી બોલ્યા બાદ બંને પક્ષને પોલીસ મથકે લઈ આવી બંને જુથ વચ્ચે સમાધાન કરી નાખ્યાનું પણ સામે આવ્યું હતું. ત્યારે દરેક વખતે આમ જ જાહેરમાં લુખ્ખાઓ હથિયારો સાથે મારામારી કરશે અને બાદમાં સમાધાન થઇ જશે તેવું કહી પોલીસ તે વાતને ત્યાંથી જ પતાવટ કરી જવા દેશે તો ગુનાખોરી કયારે પણ ડામી નહીં શકાય.

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં એક વર્ષમાં ૧૦.૫૩ લાખ પ્રવાસીઓ નોંધાયા

## વર્ષ ૨૦૨૪માં ૫,૩૫,૯૬૬ આગમન અને ૫,૧૭,૩૭૫ પ્રસ્થાન ડેઈલી સરેરાશ ૨૮૫૫ મુસાફરોનું આવાગમન

### જાન્યુઆરી ૨૫માં ૧.૧૦ લાખ યાત્રીકોએ હવાઈ સફર માણી દરરોજ ૧૦-૧૧ ફલાઈટનું લેન્ડીંગ - ટેકઓફ



રાજકોટ,તા.૨૧

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ હેઠળ રાજકોટનાં હીરાસર નજીક ઈન્ટરનેશનલ ગ્રીન ફીલ્ડ એરપોર્ટ કાર્યરત બાદ વર્ષ ૨૦૨૪ એક વર્ષમાં ૧૦,૫૩,૩૪૧ પ્રવાસીઓએ હવાઈ સેવાનો લાભ લીધો હતો. સૌરાષ્ટ્રમાં ઓદ્યોગિક ક્ષેત્રે હબ ગણાતા રાજકોટમાં અનેક વર્ષો હવાઈ સેવા ઉપલબ્ધ છે. ગત વર્ષ ૨૦૨૩માં હિરાસર નજીક ઈન્ટરનેશનલ એરપોર્ટ તૈયાર થતા તા.૨૭મી જુલાઈ ૨૦૨૩નાં રોજ વડાપ્રધાન નરેન્દ્રમોદીનાં હસ્તે એરપોર્ટનું વિધિવત રીતે ઉદ્દઘાટન થયા બાદ રાજકોટના જુના એરપોર્ટનું નવા ઈન્ટરનેશનલ એરપોર્ટમાં સ્થળાંતર સાથે તા.૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૩થી હવાઈ સેવાનો પ્રારંભ થયા બાદ એરપોર્ટની સુવિધામાં વધારો કરવા માટે એર ટ્રાફિક કંટ્રોલ ટાવર, અદ્યતન સુવિધાસભર ટર્મિનલ કાર્યરત થતાં રાજકોટ શહેરને દેશના અન્ય મેટ્રો શહેર સાથે જોડતી હવાઈ સેવા સૌરાષ્ટ્રવાસી અને પર્યટનોને ઉપયોગી લાભદાયી નિવડી છે.

એરપોર્ટ ઓથોરીટીનાં સતાવાર આંક મુજબ ગત-૨૦૨૪નાં વર્ષમાં કુલ ૧૦,૫૩,૩૪૧ પ્રવાસીઓએ હવાઈ સફર માણી હતી જેમાં ૫,૩૫,૯૬૬ પ્રવાસીઓનું આગમન અને ૫,૧૭,૩૭૫ પ્રવાસીઓએ પ્રસ્થાન કર્યુ હતું. ડેઈલી સરેરાશ ૨૮૮૫ પ્રવાસીઓનું આવાગમન રહ્યુ હતું.

ગત ૨૦૨૪ના વર્ષમાં એપ્રિલ ૮૨,૮૫૨ મે, ૮૬૨૯૧, જુલાઈ ૭૬૧૧૮, ઓગષ્ટ ૭૮૩૭૬, ઓકટોબર ૯૦૨૫૮, નવેમ્બર ૧૦૧૧૮૧, ડિસેમ્બર ૧૦૩૫૧૬ પ્રવાસીઓનું આગમન પ્રસ્થાન નોંધાયુ હતું. ગત જાન્યુઆરી ૨૫ એક માસમાં ૧,૧૦,૦૯૮ પ્રવાસીઓ નોંધાયા હતા.જેમાં ૫૫૨૧૦ આગમન અને ૫૪૮૮૮ પ્રસ્થાન સાથે ૭૯૯ ફલાઈટનું લેન્ડીંગ ટેકઓફ નોંધાયું છે.

હાલ ઈન્ટરનેશનલમાં નવુ અદ્યતન ટર્મિલન તૈયાર થતાં હવાઈ મુસાફરો વિમાન માંથી સીધા જ એરોબ્રીજ મારફત ટર્મિનલમાં પ્રવેશી પાર્કિંગ સુધી સરળતાથી પહોંચી રહ્યા છે. પરંતુ કમનસીબી એ છે કે હજુ એક પણ ઈન્ટરનેશનલ ફલાઈટની સુવિધા નથી.

માત્ર નામ પુરનું જ ઈન્ટરનેશનલ ગણાય છે. હાલ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં દિલ્હી, મુંબઈ, ગોવા, પૂના, હૈદરાબાદ, બેંગ્લોર જેવા મેટ્રો શહેરોને જોડતી સીધી હવાઈ સેવામાં ડેઈલી ૧૧ થી ૧૨ ફલાઈટનું આવાગમન રહે છે. જેનો હવાઈ મુસાફરો ઉદ્યોગકારો સ્ટુડન્ટ, પર્યટકો લાભ રહ્યા છે.

# રાજ્યના ખેડૂતો, યુવા, મહિલા અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ ભવિષ્ય અને દેશના વિકાસને વેગવંતુ બનાવતુ બજેટ : વિજય કોરાટ

## બજેટમાં દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા : વિજયભાઈ કોરાટ

દેશમાં માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારત દેશે તથા ગુજરાત રાજ્યમાં માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત રાજ્ય વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. જેમાં દેશના ખેડૂતો, યુવા શક્તિ, મહિલા શક્તિ અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ અને દેશના વિકાસને વેગવંતુ બનાવવા માટેનો વિકસિત ગુજરાતનો રોડમેપ તૈયાર



કરવામાં આવ્યો છે. રાજયના ખેડૂતો, યુવા, મહિલા અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ ભવિષ્ય અને દેશના વિકાસને વેગવંતુ બનાવતું બજેટને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રીશ્રી વિજયભાઈ કોરાટે આવકાર સાથે અભિનંદન પાઠવ્યા છે.

વધુમાં શ્રી વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા બજેટને તેમણે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. રાજયના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તૂલનાએ ૨૧.૮% નો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે. પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ

નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, બજેટમાં દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૃષિ ક્ષેત્ર અને ગ્રામ વિકાસ માટે રૂ.૨૭૦૦૦ કરોડ બજેટમાં ફાળવીને રાજયના ખેડૂતો અને ખેતીનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે.

# ગણેશ ઉત્સવ વખતે વેંચાયેલા મોદકમાં ખતરનાક ફૂડ કલર નીકળ્યોઃ નમુનો ફેઈલ

**નિલેશ ડેરી ફાર્મના લાડુમાં ટાટ્રાઝીનનું પ્રમાણ વધુ સાબિતઃ કેસ દાખલ કરાશેઃ જલારામ ચોક-ગાયત્રીનગર રોડ પર ખાણીપીણીના ૨૧ ધંધાર્થીને ત્યાં તપાસ**

રાજકોટ, તા. ૨૧

મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખાએ થોડા સમય પહેલા લીધેલા ચોકલેટ મોદકના લેબ પરીક્ષણમાં આ લાડુમાં કારખાનામાં વપરાતો સિન્થેટીક ફૂડ કલરનું પ્રમાણ વધુ હોવાનો રીપોર્ટ આવ્યો છે જેથી આ નમુનો ફેઈલ જતા કાયદેસર કાર્યવાહીની તજવીજ શરૂ કરવામાં આવી છે.

ફૂડ તંત્રએ આજે જાહેર કરેલી માહિતી મુજબ મહાનગરપાલિકા દ્વારા નિલેશ ડેરી ફાર્મ, નવા થોરાળા શેરી નં.૪-૬ કોર્નર, રામનગર સોસાયટી ખાતેથી ચારેક મહિના પહેલા ચોકલેટ મોદક (મીઠાઇ-લુઝ) નો નમૂનો લેવામાં આવ્યો હતો.

ગણેશોત્સવના દિવસોમાં રાજકોટમાં ધુમ વેચાતા મોદકના





ઘણા સેમ્પલ લેવામાં આવ્યા હતા અને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જે પૈકી સેમ્પલનો રીપોર્ટ આવી ગયો છે. તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટીક ફૂડ કલર (ટાટ્રાઝીન) ની માત્રા ધારાધોરણ કરતાં વધુ હોવાથી નમૂનો સબસ્ટાન્ડર્ડ (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

દરમ્યાન ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના જલારામ ચોકથી ગાયત્રીનગર મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થીઓને ત્યાંથી ૧૮ નમુનાની ચકાસણી કરી હતી. તે પૈકી પાંચ વેપારીને લાયસન્સ માટે સૂચના આપવામાં આવી છે. તેમાં (૧)જલારામ ફરસાણ (૨)આરાધના પ્રોવિઝન સ્ટોર (૩) આસોપાલવ જનરલ સ્ટોર (૪) ધરતી રેસ્ટોરેન્ટ( ૫)સોમનાથ નમકીન (૬)ચામુંડા ફરસાણનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૭)બર્ગર ભાઉ (૮)વિનાયક બેકરી પાર્લર (૯) આશાપુરા પ્રોવિઝન સ્ટોર (૧૦)ઘનશ્યામ પ્રોવિઝન સ્ટોર - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૧૧) ભૂમિ અમુલ પાર્લર (૧૨) ઈગલ પાર્લર (૧૩)ચંદુભાઈ દાળપકવાન વાળા (૧૪)રાધેશ્યામ ડેરી ફાર્મ (૧૫) ક્રિષ્ના ગાંઠિયા (૧૬)જલારામ ખમણ (૧૭) પાલજી સોડા શોપ (૧૮)જલિયાણ ફરસાણ (૧૯)ઉમિયા ફરસાણ (૨૦)નીલકંઠ ડેરી ફાર્મ (૨૧)ગુજરાત બેકરી (૨૨) બાલાજી ફરસાણમાં પણ ચકાસણી કરવામાં આવી હતી.

## ખાદ્યતેલમાં સતત ઉછાળો કપાસીયા સિંગતેલમાં આજે ફરી ૧૫નો વધારો

રાજકોટઃ ખાદ્યતેલના ભાવમાં સતત ભાવવધારો થઈ રહ્યો છે. છેલ્લા એક સપ્તાહથી આ ભાવવધારો થઈ રહ્યો છે. વૈશ્વિક બજારમાં પામતેલના ભાવ ઉંચકાતા ભારતીય આયાતકારોએ સોદા કેન્સલ કર્યા હોવાની જાણકારી સામે આવી છે. કપાસીયાતેલમાં તેજી છે. સિંગતેલ લુઝમાં ભાવ રૂા.૧૪૦૦ની સપાટીએ પહોંચ્યા હતા.આગામી દિવસોમાં સિંગતેલની બજારમાં વેચવાલી કેવી આવે છે. તેના ઉપર આગળની બજારનો આધાર રહેલો છે. આજે સિંગતેલ અને કપાસીયામાં રૂા.૧૫ અને પામોલીનમાં રૂા.૫નો વધારો નોંધાયો છે. તેની સાથે સિંગતેલનો ડબ્બો રૂા.૨૪૩૫-૨૪૮૫ કપાસીયાનો ડબ્બો રૂા.૨૨૨૫-૨૨૭૫ અને પામોલીન રૂા.૨૧૨૦-૨૧૨૫ એ પહોંચ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં સિંગતેલમાં અને કપાસીયામાં રૂા.૫૦નો વધારો થયો છે.

# સરકારી વિભાગો પાસે પણ કડક ઉઘરાણી કોર્ટના ૫૬ લાખ, સરકારી પ્રેસના ૧૯ લાખ રીકવર

**રઘુવીરપરા, ગોંડલ રોડ, ટાગોર રોડ, મનહર પ્લોટ, સમ્રાટ ઈન્ડ. એરીયા, ગરેડીયા કુવા રોડ પર ૧૯ પ્રોપર્ટી સીલ વર્ષની આવક ૩૬૬ કરોડે પહોંચી..**

રાજકોટ, તા. ૨૧

મહાપાલિકાની ટેકસ રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે એક દિવસમાં છેલ્લા સમયની સૌથી વધુ ૧.૩૯ કરોડની રીકવરી થઇ છે. જેમાં ડિસ્ટ્રીકટ કોર્ટ, સરકારી પ્રેસ સહિતની સરકારી કચેરી અને વિભાગો સહિતના બાકીદારોના પણ પોણો કરોડથી વધુની રકમ જમા થઇ છે. તો શહેરના બાકીદારો સામે ચાલતી ઝુંબેશમાં આજે વધુ ૧૧ મિલ્કતો સીલ કરવામાં આવી હતી. આજે ગોંડલ રોડ, ટાગોર રોડ, રઘુવીરપરા, સમ્રાટ ઈન્ડ.






એરીયામાં, સીલીંગ કાર્યવાહી કરાઇ હતી.

વેરા શાખાએ આપેલી માહિતી મુજબ રાજકોટની ડિસ્ટ્રીકટ કોર્ટનો ૫૬.૮૬ લાખનો વેરો બાકી હોય, આજે વિભાગ દ્વારા તેનો ચેક આપવામાં આવ્યો હતો. તો સરકારી પ્રેસના ૧૯.૫૪ લાખની પણ આજે રીકવરી થઇ હતી. આ સિવાય સરકારી મિલ્કત તરીકે નોંધાયેલી આદર્શ નિવાસી શાળા, કાલાવડ રોડની મહાત્મા ગાંધી સ્કુલમાંથી પણ વેરાના ચેક વસુલ કરવામાં આવ્યા હતા.

આ રીતે છેલ્લા થોડા દિવસોથી સામાન્ય બાકીદારની જેમ સરકારી વિભાગો પાસેથી વેરાની ઉઘરાણી ચાલુ કરવામાં આવી છે. જેના પગલે હવે તબકકાવાર સરકારી મિલ્કતોનો વેરો પણ આ વર્ષે વહેલો છુટો થાય તેવી તંત્રને આશા છે. દરમ્યાન આજે વેરા વસુલાત શાખા ફરી વોર્ડ નં.૭માં સૌથી વધુ મિલ્કતો સીલ કરી હતી.

જુના રાજકોટના ટાગોર રોડ પર આવેલ ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષ અને મનહર પ્લોટમાં ઋષિકેશ કોમ્પ્લેક્ષમાં એક-એક પ્રોપર્ટીને સીલ મારવામાં આવ્યા છે. ગોંડલ રોડ પર આવેલ પ્રમુખ સ્વામી આર્કેડમાં એક દુકાન, રઘુવીરપરામાં આવેલા રાધેશ્યામ કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં ચાર દુકાન, ગરેડીયા કુવા રોડ પરના મહાદેવ આર્કેડમાં એક દુકાન, ટાગોર રોડ પર એક, સરદારનગર મેઈન રોડ પર અને ટાગોર રોડ પર અન્ય એક મિલ્કત સીલ કરવામાં આવી હતી. આ સિવાય યાજ્ઞિક રોડ, સુભાષ રોડ પર ફૂલછાબ ચોકની મિલ્કતમાં રીકવર થઇ હતી. વોર્ડ નં.૧ના જામનગર રોડ પરની મિલ્કતમાં ૫૬.૮૬ લાખ, ૧૫૦ ફુટ રોડની મિલ્કતમાં ૪.૮૬ લાખ, વોર્ડ નં.૩ના લુહાણાપરામાં એક મિલ્કતમાં રીકવરી થઇ હતી. વોર્ડ નં.૧૩ના સમ્રાટ ઈન્ડ. એરીયામાં એક યુનિટ સીલ કરવામાં આવ્યું હતુ

# રાજકોટ જિલ્લામાં ખડકાયેલા ૧૫૦૦થી વધુ ધાર્મિક દબાણોના મુદ્દે રીવ્યુ લેતા આસી. કેબીનેટ હોમ સેક્રેટરી

## રાજયભરના કલેકટરો–પ્રાંત અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ




રાજકોટ તા.૨૧

રાજય સરકારના આસી. કેબીનેટ હોમ સેક્રેટરીએ આજે રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી ધાર્મીક દબાણોના મુદ્દે રિવ્યુ લીધા હતા.

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આ વિડીયો કોન્ફરન્સમાં કલેકટર તેમજ પ્રાંત અધિકારીઓ પણ જોડાયા હતા. આ વિડીયો કોન્ફરન્સના પગલે કલેકટર દ્વારા આજે આયોજીત કરાયેલ રેવન્યુ અધિકારીઓની બેઠક પણ મોકૂફ રાખી દેવામાં આવી હતી.સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટ જીલ્લામાં ૧૫૦૦ જેટલા ધાર્મીક દબાણો સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા છે. આ મામલે આસી. કેબીનેટ હોમ સેક્રેટરી દ્વારા રિવ્યુ લઈ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું.

ધાર્મીક દબાણોના મુદ્દે હાઈકોર્ટના દિશાનિર્દેશ મુજબ સરકાર દ્વારા ખાસ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જે મુજબ કામગીરી કરવા આસી. કેબીનેટ સેક્રેટરી દ્વારા તાકીદ કરવામાં આવી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજયભરમાં સરકારી જમીનો પર દબાણોનો મુદો એ પેચીદો પ્રશ્ન બનેલ છે. સરકારી જમીન પર ખડકાયેલા દબાણના મામલે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેની સાથેસાથ હવે ધાર્મીક દબાણોના મામલે પણ તંત્ર ગંભીર બન્યું છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા

# બજેટ અંગે પ્રબુધ્ધ નાગરિકો સાથે બૌધ્ધિક સંમેલન યોજાશે



## આવતીકાલે બપોરે ૧૨ કલાકે સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ઓડીટોરીયમ, કોટેચા ચોક રાજકોટ ખાતે યોજવામાં આવશે

રાજકોટઃ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારીયાદીમાં જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્ર સરકારમાં ત્રીજી વખત વડાપ્રધાન તરીકે આરૂઢ થયા છે ત્યારે નવા વર્ષનું પહેલુ પૂર્ણ બજેટ અને નાણામંત્રી સીતારમણે તેમના કાર્યકાળમાં આઠમું બજેટ સંસદમાં રજુ થઈ ગયેલ છે. જેને સાર્વત્રિક આવકાર મળેલ છે. પ્રદેશની યોજના અનુસાર બજેટનો પ્રચાર-પ્રસાર થાય અને સામાન્ય માનવીથી લઈ વેપારીઓ, ઓદ્યોગિકો, વેપારી વ્યવસાયો, પ્રબુધ્ધ નાગરિકો સાથે સંવાદ થાય અને બજેટની બહોળી પ્રસિધ્ધી થાય તે માટે રાજકોટ શહેર ભાજપ દ્વારા બૌધ્ધિક સંમેલન તા. ૨૩-૦૨ ને રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ઓડીટોરીયમ, કોટેચા ચોક, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલનને ભારત સરકારના કેન્દ્રીય સડક, પરીવહન અને રાજમાર્ગ રાજયમંત્રીશ્રી અજયભાઈ ટમટા બજેટ પર ચર્ચા કરશે.

# SMCની મોટી કાર્યવાહી : કુખ્યાત બુકી સહિતના સામે ગુનો દાખલ

## બીજી આઈડીઓ વિનોદ સિંધી અને ગીરીશ પટેલ ઉર્ફે ટોમી ઉંઝાએ અન્ય આરોપી મારફતે આપ્યાનું પકડાયેલ આરોપીનું રટણ



રાજકોટ, તા.૨૧

સ્ટેટ મોનીટરીંગ સેલે અમદાવાદમાં ક્રિકેટ સટ્ટો ચલાવતા આરોપીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. કુખ્યાત બુકી રાકેશ રાજદેવ ઉર્ફે આર.આર. સહિતના સામે ગુનો દાખલ કર્યો છે. એસએમસીના હાથે લાગેલી જુદી જુદી ૩ આઈડીમાં ૨.૯૧ કરોડની ક્રેડીટ બેલેન્સ હોવાનો ખુલાસો થયો છે.

આ અંગે એસએમસી તરફથી મળેલી સત્તાવાર માહિતી મુજબ, ડીજીપી વિકાસ સહાય દ્વારા હાલમાં ચાલતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુનામેન્ટ અન્વયે ક્રિકેટ સટ્ટાની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો સામે કેસો શોધવા સુચના કરવામાં આવેલ હતી. જેથી સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયની સીધી સુચના અને સુપરવિઝન હેઠળ તથા ડીવાયએસપી કે.ટી.કામરીયાના સીધા માર્ગદર્શન હેઠળ ક્રિકેટ સટ્ટાની પ્રવૃત્તિ અંગે કેસો શોધવા સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમોને કામે લગાડવામાં આવેલ હતી.

સ્ટેટ મોનીટરીંગ સેલના પીઆઈ આર.જી.ખાંટને અંગત અને વિશ્વાસુ બાતમીદારથી બાતમી હકિકત મળેલ કે, હરેશભાઈ પ્રેમચંદ મુલચંદાણી, રહે.એ-૬૦૨, કૈલાશ રેજોઈશ-૧, નાના ચિલોડા નજીક, નવા શાહીબાગ, અમદાવાદ શહેરનો પોતાના રહેણાંક ઘરે બેસી હાલમાં દુબઈ ખાતે ચાલતી ચેમ્પીયન ટ્રોફીની વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચનો પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ સટ્ટાની એપ્લીકેશન ઉપર ક્રિકેટ સટ્ટા બેટીંગનો હારજીતનો જુગાર પોતે તથા પોતાના મળતીયા માણસો મારફતે રમી-રમાડે છે.'' બાતમી આધારે રેડ કરતા આરોપી હરેશભાઈ ઉર્ફે હરુ પ્રેમચંદ મુલચંદાણીને રોકડા રૂ. ૪,૧૧,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨, કિં.રૂ.૮૦,૦૦૦/- વિગેરે મળી કુલ રૂ.૪,૯૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો.

એસએમસીએ જણાવ્યું કે, પકડાયેલ આરોપી હરેશ ઉર્ફે હરૂની પુછપરછમાં જણાયેલ મુખ્ય વોન્ટેડ આરોપીઓ (૧) મનિષ ઉર્ફે ગીલી અશોકકુમાર ક્રિષ્ણાની, રહે.અમદાવાદ (ભાગીદાર) (૨) પ્રોહી લીસ્ટેડ બુટલેગર વિનોદ મુરલીધર ઉદવાણી, હાલ રહે.દુબઈ (ક્રિકેટ સટ્ટાનું આઈ.ડી.આપનાર (૩) કેતન દેસાઈ, રહે.અમદાવાદ (ક્રિકેટ સટ્ટાનુ આઈ.ડી. આપનાર) (૪) ગીરીશ ઉર્ફે ટોમી પરષોત્તમભાઈ પટેલ, રહે.ઉંઝા, મહેસાણા (ક્રિકેટ સટ્ટાનું આઈ.ડી. આપનાર) (૫) મીત. રહે.રાજકોટ (ક્રિકેટ સટ્ટાનુ આઈ.ડી.આપનાર) (૬) રાકેશ રાજદેવ ઉર્ફે આર.આર. (ક્રિકેટ સટ્ટાનુ આઈ.ડી.આપનાર) તથા અન્ય ગ્રાહકો સહિત કુલ ૧૬ આરોપીઓ વિરૂધ્ધ અમદાવાદ શહેરના નરોડા પોલીસ મથકે જુગારધારા કલમ-૪,૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૧૨(૨) મુજબનો ગુનો દાખલ કરાવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપી પાસેથી ક્રિકેટ સટ્ટાની આઈ.ડી. તથા આઈ.ડી. ચલાવનારના નામો મળી આવેલ છે. જેમાં (૧) સુપર માસ્ટર આઈ.ડી. ૯૯. /માં રૂ.૨,૬૦,૦૦,૦૦૦ની ક્રેડીટ બેલેન્સ જણાઈ આવેલ. જે આઈ.ડી. મુખ્ય આરોપી પ્રોહી.બુટલેગર વિનોદ સિંધીએ આપેલ છે. (૨) આઈ.ડી. ૯૯. માં રૂ.૨૦,૦૦,૦૦૦ની ક્રેડીટ બેલેન્સ જણાઈ આવેલ. જે આઈ.ડી. આરોપી કેતન દેસાઈ તથા મીત, રાજકોટ મારફતે રાકેશ રાજદેવ ઉર્ફે આર.આર.એ આપેલ છે. (૩) આઈ.ડી. ૯૯. માં ૧૧,૫૨,૫૦૦ની ક્રેડીટ બેલેન્સ જણાઈ આવેલ.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**જીવનમાં સંજોગો પસંદ કરવાનો ભલે આપણને કોઈ અધિકાર નથી પણ આવેલા સંજોગોમાં કેમ વર્તવું એ તો આપણા જ હાથની વાત છે. કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

Since 2003
RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life

SPOKEN ENGLISH

# અંગ્રેજી આટલું સરળ?

## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
MONEY BACK GUARANTEE...

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યકિતગત માર્ગદર્શન.**
- ડેઇલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી

ત્રણ દિવસ ફ્રિ સેમિનાર

ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

**: હેડ ઓફીસ :** Mo.98793 29391
"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઇન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

**: બ્રાન્ચ ઓફીસ :** Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.

Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
*Dream.Create.Inspire...*
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

**એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...**

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : **94038 90004**

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062